


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

ગરવી ગુજરાત

Volume : 18
Issue : 224
Dt.: 26-04-2026,
Sunday
Page : 04
Rs.00.50 paisa


### કોલેસ્ટ્રોલની મહિનાની દવા ૫૩૭ ડોલરના બદલે હવે માત્ર ૨૨૫ ડોલરમાં મળશે

# અમેરિકાના ઈતિહાસમાં દવા કિંમતમાં સૌથી મોટો ઘટાડો: ટ્રમ્પ

### વિશ્વના બ્રાન્ડેડ દવા બજારમાં ૮૦ ટકા હિસ્સો ધરાવતી ૧૭ મોટી કંપનીઓએ અમેરિકાના દર્દીઓને વિશ્વમાં સૌથી વધી નીચા ભાવે દવા આપવા સંમતિ દર્શાવી

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે વિશ્વની અગ્રણી ફાર્મા કંપનીઓ સાથે કરાર કર્યા છે અને તેના કારણે અમેરિકાના ઈતિહાસમાં દવાની કિંમતમાં સૌથી વધુ કાપ મૂકાવાની અને વિશ્વમાં સૌથી વધુ સસ્તી દવા યુએસમાં મળવાનો દાવો કર્યો છે. ટ્રમ્પે જણાવ્યું હતું કે, અગ્રણી ફાર્મા કંપનીઓ પૈકીની એક રીજેનેરોને 'મોસ્ટ ફેવર્ડ નેશન પ્રાઈઝ' સાથે યુએસને દવાઓ આપવા સંમતિ બતાવી છે. અગાઉ કોઈએ ક્યારેય નહીં જોયું હોય તેવા સ્તરે દવાની કિંમતો પહોંચી જશે. વિશ્વના બ્રાન્ડેડ દવા બજારમાં ૮૦ ટકા હિસ્સો ધરાવતી ૧૭ મોટી કંપનીઓએ અમેરિકાના દર્દીઓને વિશ્વમાં સૌથી વધી નીચા ભાવે દવા આપવા સંમતિ દર્શાવી છે. ટ્રમ્પે દલીલ કરી હતી કે, અમેરિકન્સે વર્ષો સુધી દવાની ઊંચી કિંમતો ચૂકવી છે. દાયકાઓ સુધી અમેરિકન્સને ઊંચા ભાવે દવા ખરીદવાની ફરજ પડી હતી. હવે આ સ્થિતિ બદલાશે તેવી પુષ્ટિ આપતાં હેલ્થ સેક્રેટરી રોબર્ડ એફ કેનેડી જુનિયરે કહ્યું હતું કે, વિશ્વની ૪.૨ ટકા વસતી અમેરિકામાં છે, પરંતુ ફાર્માસ્યુટિકલ બિઝનેસને ૭૫ ટકા નફો અમેરિકામાં મળે છે.દવા નીતિ સંદર્ભે ટ્રમ્પની પ્રશંસા કરતા સેન્ટર ફોર મેડિકેર એન્ડ મેડિકેઈડ સર્વિસીસના એડમિનિસ્ટ્રેટરે કહ્યું હતું કે, પોલિસીમાં એફોર્ડેબિલિટીને કેન્દ્ર સ્થાને રખાઈ છે. મોંઘી દવાઓના કારણે ત્રણમાંથી એક અમેરિકનના ખિસ્સા ખાલી થઈ જાય છે. આ કરારથી કોલેસ્ટ્રોલની મહિનાની દવા ૫૩૭ ડોલરના બદલે માત્ર ૨૨૫ ડોલરમાં મળશે. વેઈટ લોસની દવાની કિંમત ૧,૩૫૦ ડોલરથી ઘટીને ૧૯૯ ડોલર થઈ જશે. અમેરિકાને સૌથી વધુ સસ્તા દરે દવા આપવાના કરાર બાબતે રીજેનેરોના સીઈઓ લીઓનાર્ડ શ્લેઈફરે સ્પષ્ટતા કરી હતી કે, આ કરાર માટે કોઈ દબાણ થયું નથી, પરંતુ દવાની કિંમતો ઘટાડીને તેઓ ખુશ છે.

### અમેરિકાના પ્રતિનિધિ તો હજુ પહોંચ્યા નથી

## ઈસ્લામાબાદમાં શાંતિ મંત્રણા અગાઉ ઈરાને ટેન્શન વધાર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)ઈસ્લામાબાદ

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા તણાવ અને સીઝફાયર વચ્ચે ઈરાન અને અમેરિકા ફરી એકવાર ટેબલ ટોક (વાતચીત) માટે તૈયાર થયા હોવાના અહેવાલ હતા. ઈરાનના વિદેશ મંત્રી અબ્બાસ અરાઘચી શુક્રવારે પાકિસ્તાન પહોંચ્યા, જ્યાં તેમનું સ્વાગત પાકિસ્તાની વિદેશ મંત્રી ઈશાક ડાર અને આર્મી ચીફ આસિમ મુનીરે કર્યું હતું. જોકે અબ્બાસ અરાઘચીએ એ સ્પષ્ટ કરી દીધું છે કે અમે પાકિસ્તાન દ્વિપક્ષીય મંત્રણા કરવા આવ્યા છીએ અમેરિકા સાથે શાંતિ મંત્રણા કરવા માટે નહીં. એટલે કે એ સ્પષ્ટ છે કે હજુ સુધી અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ મંત્રણા થશે કે નહીં તે અંગે સસ્પેન્સ ઘેરાયેલું છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે તેમના વિશેષ દૂત સ્ટીવ વિટકોફ અને સલાહકાર જેરેડ કુશનરને ઈસ્લામાબાદ મોકલ્યા હોવાની માહિતી સામે આવી રહી છે. આ વખતે અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ નહીં આવે.

બીજી બાજુ અમેરિકાના પ્રતિનિધિઓ શનિવારે સવારે પાકિસ્તાન પહોંચીને અબ્બાસ અરાઘચી સાથે બીજા રાઉન્ડની વાતચીતમાં ભાગ લેશે તેવો દાવો કરાયો છે. અમેરિકન ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સ હાલમાં પાકિસ્તાન જશે નહીં, કારણ કે તેમના ઈરાની સમકક્ષ મોહમ્મદ બાઘેર ગલિબાફ આ પ્રવાસમાં સામેલ નથી. જો વાતચીતમાં કોઈ મોટી પ્રગતિ જણાશે તો વેન્સ તાત્કાલિક પાકિસ્તાન પહોંચી શકે છે.ટ્રમ્પે સંકેત આપ્યો છે કે ઈરાન એક પ્રસ્તાવ રજૂ કરી શકે છે. અમેરિકાની મુખ્ય માંગણીઓમાં ઈરાન તેના યુરેનિયમ ભંડારનો ત્યાગ કરે અને હોર્મુઝ સ્ટ્રેટમાંથી તેલનો પુરવઠો કોઈપણ અડચણ વગર ચાલુ રહે તે સામેલ છે.અહેવાલો અનુસાર, ઈરાની નેતૃત્વમાં મતભેદો વધી રહ્યા છે, જેના કારણે ગલિબાફ આ વાટાઘાટોથી દૂર રહ્યા હોવાનું મનાય છે.પાકિસ્તાન આ સમગ્ર વિવાદમાં મધ્યસ્થીતરીકેની ભૂમિકા ભજવી રહ્યું છે.

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરોલિન લેવિટના જણાવ્યા અનુસાર, ઈરાન પોતે વાતચીત કરવા ઈચ્છે છે, જે એક હકારાત્મક સંકેત છે.વાતચીત ચાલુ હોવા છતાં, અમેરિકાએ ઈરાન પરથી આર્થિક દબાણ હટાવ્યું નથી. ઈરાની બંદરો પર અમેરિકન નૌકાદળની નાકાબંધી હજુ પણ જારી છે, જેનો ઉપયોગ વાટાઘાટોમાં દબાણ બનાવવા માટે કરવામાં આવી રહ્યો છે.

### ૩ સપ્તાહમાં એક્શન પ્લાન બનાવશે રાજ્યો

## દેશભરના ICU માટે બનશે સમાન નિયમો: સુપ્રીમનો ઐતિહાસિક આદેશ

### કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, આઈસીયુ સેવાઓ માટેના માર્ગદર્શિકા તૈયાર છે, જે વ્યવહારુ અને અનિવાર્ય છે



(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશની હૉસ્પિટલોમાં આઈસીયુ (ICU) એટલે કે ગંભીર સારવાર એકમોની સ્થિતિ સુધારવા માટે સુપ્રીમ કોર્ટે કડક વલણ અપનાવ્યું છે. જસ્ટિસ અહસાનુદ્દીન અમાનુલ્લાહ અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે તમામ રાજયો અને કેન્દ્રશાસિત પ્રદેશોને આઈસીયુ માટે નક્કી કરેલા લઘુતમ ધોરણોને તાત્કાલિક અસરથી લાગુ કરવા માટે પ્રેક્ટિકલ એક્શન પ્લાન તૈયાર કરવા આદેશ આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, આઈસીયુ સેવાઓ માટેના માર્ગદર્શિકા તૈયાર છે, જે વ્યવહારુ અને અનિવાર્ય છે. હવે દરેક રાજયના આરોગ્ય સચિવે એક સપ્તાહની અંદર નિષ્ણાતો સાથે બેઠક યોજીને તેને જમીની સ્તરે લાગુ કરવાની યોજના બનાવવી પડશે. સુપ્રીમ કોર્ટે આ એક્શન પ્લાનમાં મુખ્ય પાંચ બાબતોને પ્રાથમિકતા આપવા જણાવ્યું છે. પૂરતી સંખ્યામાં તબીબી સ્ટાફની ઉપલબ્ધતા. માત્ર સ્ટાફ નહીં, પણ આઈસીયુ માટે સ્પેશિયલ ટ્રેનિંગ લીધેલા કર્મચારીઓ. સારવાર માટે જરૂરી તમામ ઈક્વિપમેન્ટ્સની વ્યવસ્થા. દવાઓ અને અન્ય પાયાની સામગ્રીનો સતત પુરવઠો. આઈસીયુ વોર્ડની યોગ્ય ડિઝાઈન અને સુવિધા. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે જણાવ્યું કે, ડૉક્ટરો તો માત્ર વિઝિટ પર આવે છે, પણ નર્સિંગ સ્ટાફ ૨૪ કલાક દર્દીની સાથે હોય છે. તેથી તેમને આઈસીયુ મેનેજમેન્ટની વિશેષ તાલીમ આપવી અનિવાર્ય છે.

સુનાવણી દરમિયાન કોર્ટે એક મહત્વનું અવલોકન કર્યું કે ગંભીર દર્દીઓની સંભાળમાં નર્સિંગ સ્ટાફની ભૂમિકા સૌથી મોટી હોય છે. ભારતીય નર્સિંગ કાઉન્સિલ અને પેરા મેડિકલ કાઉન્સિલને આ કેસમાં પક્ષકાર બનાવવામાં આવ્યા છે. તેમણે આગામી સુનાવણી સુધીમાં એવો કોર્સ કે ટ્રેનિંગ મોડ્યુલ રજૂ કરવું પડશે જે નર્સિંગ સ્ટાફને આઈસીયુની કટોકટીની સ્થિતિ સામે લડવા તૈયાર કરે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલય આ માર્ગદર્શિકાને સત્તાવાર રીતે એડવાઈઝરી તરીકે જાહેર કરશે અને વેબસાઈટ પર અપલોડ કરશે. તમામ રાજયો પોતાનો રિપોર્ટ કેન્દ્ર સરકારને મોકલશે, ત્યારબાદ એક સંયુક્ત બેઠક યોજીને આખરી મુસદ્દો તૈયાર થશે. આ મામલે હવે ૧૮ મેના રોજ ફરી સુનાવણી હાથ ધરવામાં આવશે, જેમાં રાજયોએ કરેલી કામગીરીની સમીક્ષા થશે. આ પગલાથી દેશના સામાન્ય નાગરિકોને ખાનગી અને સરકારી હૉસ્પિટલોમાં વધુ સારી અને ધોરણસરની ગંભીર સારવાર મળવાની આશા જાગી છે.

### રાઘવ ચઢ્ઢાની વધી જશે મુશ્કેલીઓ!

## અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયાનો માસ્ટરપ્લાન તૈયાર

### આ બેઠકમાં બળવો કરનારનું સાંસદ પદ રદ કરાવવા માટે રાજ્યસભાના અધ્યક્ષને પત્ર લખવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

આમ આદમી પાર્ટી (AAP) અત્યારે મોટા સંકટમાંથી પસાર થઈ રહી છે. રાઘવ ચઢ્ઢાના નેતૃત્વમાં ૨/૩ જેટલા રાજ્યસભાના સાંસદોએ પાર્ટી છોડીને ભાજપમાં જોડાવાનો દાવો કર્યા બાદ દિલ્હીથી લઈને રાષ્ટ્રીય રાજકારણ ગરમાયું છે. આ કટોકટીનો સામનો કરવા માટે શુક્રવારે (૨૪ એપ્રિલ) મોડી રાત્રે અરવિંદ કેજરીવાલ અને મનીષ સિસોદિયા વચ્ચે અડધો કલાક લાંબી મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં બળવો કરનાર રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલ સહિતના નેતાઓ સામે કડક કાર્યવાહી કરીને તેમનું સાંસદ પદ રદ કરાવવા માટે રાજયસભાના અધ્યક્ષને પત્ર લખવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુજરાતમાં રાજકોટ મ્યુનિસિપલ ચૂંટણીના પ્રચારમાંથી શુક્રવારે મોડી રાત્રે દિલ્હી પરત ફરેલા મનીષ સિસોદિયા સીધા જ એરપોર્ટથી અરવિંદ કેજરીવાલના નિવાસસ્થાને પહોંચ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, બંને દિગ્ગજ નેતાઓ વચ્ચે ૩૦ મિનિટથી વધુ સમય સુધી ચર્ચા ચાલી હતી. આ બેઠકમાં પાર્ટીમાં પડેલા મોટા ભંગાણ, તેની આવનારા સમયમાં પાર્ટી પર પડનારી સંભવિત અસર અને હવે આગળ શું કરવું તેની ભવિષ્યની રણનીતિને લઈને ગહન મંથન કરવામાં આવ્યું હતું.

કેજરીવાલ અને સિસોદિયાએ બળવાખોર સાંસદોની મુશ્કેલીઓ વધારવા માટે કમર કસી છે. પાર્ટી હવે રાજયસભાના અધ્યક્ષને પત્ર લખીને આ નેતાઓ સામે પગલાં લેવા રજૂઆત કરશે. છઈઁ ના રાજ્યસભાના ચીફ વ્હિપ એનડી ગુપ્તા દ્વારા રાઘવ ચઢ્ઢા, સંદીપ પાઠક અને અશોક મિત્તલ વિરુદ્ધ પક્ષપલટા વિરોધી કાયદા હેઠળ કડક કાર્યવાહીની માંગ કરતો પત્ર સોંપવામાં આવશે. નોંધનીય છે કે આ ૩ નેતાઓ ખુલ્લેઆમ ભાજપની છાવણીમાં જોડાઈ ગયા છે, જ્યારે અન્ય ૪ નેતાઓએ હજુ સુધી જાહેરમાં આવું કર્યું નથી, તેથી હાલ પૂરતી આ ૩ નેતાઓ સામે જ ઔપચારિક ફરિયાદ નોંધાવવામાં આવશે.આ મામલે AAP ના વરિષ્ઠ નેતા સંજય સિંહે પણ સ્પષ્ટ કર્યું છે કે તેઓ રાજયસભાના અધ્યક્ષને પત્ર લખીને બંધારણની ૧૦મી અનુસૂચિનો હવાલો આપશે અને આ સાંસદોને ગેરલાયક ઠેરવવાની માંગ કરશે. બંધારણની ૧૦મી અનુસૂચિમાં પક્ષપલટાના આધારે સાંસદોને ગેરલાયક ઠેરવવાની સ્પષ્ટ જોગવાઈઓ છે. ઉલ્લેખનીય છે કે ૨૪ એપ્રિલના રોજ રાઘવ ચઢ્ઢાના નેતૃત્વમાં અશોક કુમાર મિત્તલ, સંદીપ પાઠક, હરભજન સિંહ, રાજીન્દર ગુપ્તા, વિક્રમજીત સિંહ સાહની અને સ્વાતિ માલીવાલે છઈઁ નો સાથ છોડીને ભાજપમાં જવાનો નિર્ણય લીધો હતો. પાર્ટીમાં આ વિવાદ અને આંતરિક નારાજગી છેલ્લા ઘણા અઠવાડિયાથી ચાલી રહી હતી, પરંતુ રાઘવ ચઢ્ઢાને રાજ્યસભામાં ઉપનેતા પદ પરથી હટાવ્યા બાદ આ મતભેદો સપાટી પર આવ્યા અને આખરે તેણે બળવાનું રૂપ લઈ લીધું હતું.

## EDની મોટી કાર્યવાહી: રહેજા ડેવલપર્સના ૭ ઠેકાણા પર દરોડા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હી-NCRમાં રિયલ એસ્ટેટ ક્ષેત્રની જાણીતી કંપની રહેજા ડેવલપર્સ વિરુદ્ધ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED) દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ૨૫ એપ્રિલના રોજ EDના દિલ્હી ઝોનલ યુનિટે કંપનીના માલિક નવીન રહેજા, તેના પુત્ર નયન રહેજા અને અન્ય ડિરેક્ટરો સાથે સંકળાયેલા સાત સ્થળો પર દરોડા પાડ્યા હતા. જેમાં નોઈડા, ગ્રેટર નોઈડા, સૈનિક ફાર્મ્સ અને ન્યુ ફ્રેન્ડ્સ કોલોની જેવા વિસ્તારોનો સમાવેશ થાય છે. આ દરોડા અંદાજે ૨૫૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડી અને મની લોન્ડરિંગના ગંભીર આરોપોને પગલે પાડવામાં આવ્યા છે.

તપાસ એજન્સીના જણાવ્યા અનુસાર, રહેજા ડેવલપર્સે તેના રહેજા રેવંતા(Raheja Revanta) પ્રોજેક્ટ સહિત અન્ય પ્રોજેક્ટ્સમાં આશરે ૪૫૦૦ ઘર ખરીદનારાઓ પાસેથી ૨૫૦૦ કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ઉઘરાવી હતી.






### ટ્રમ્પના નેતાઓએ રજૂ કર્યું ખતરનાક બિલ!

## શું ભારતીય IT એન્જિનિયરો માટે અમેરિકાના દરવાજા બંધ?

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

જો તમે કે તમારા સ્વજનો અમેરિકા જઈને નોકરી કરવાનું સપનું જોઈ રહ્યા છો, તો તમારા માટે એક ચિંતાજનક સમાચાર છે. અમેરિકાની સંસદ (કોંગ્રેસ)માં એક એવું બિલ રજૂ કરવામાં આવ્યું છે, જે પસાર થશે તો H-1B વિઝા પ્રોગ્રામ ૩ વર્ષ માટે સંપૂર્ણપણે અટકી જશે. રિપબ્લિકન પાર્ટીના સાંસદોએ અમેરિકન નાગરિકોની નોકરીઓ બચાવવાના નામે આ કડક બિલ રજૂ કર્યું છે. આ બિલમાં વિઝાની વાર્ષિક સંખ્યા ઘટાડવા, લઘુત્તમ પગાર વધારવા અને પરિવારને સાથે લઈ જવા પર પ્રતિબંધ મૂકવા સહિતના અનેક આકરા નિયમો સૂચવવામાં આવ્યા છે. આ પ્રસ્તાવની સૌથી મોટી અને સીધી અસર ભારતીય IT પ્રોફેશનલ્સ પર પડી શકે છે. એરિઝોનાના કોંગ્રેસમેન એલી ક્રેને અન્ય સાત રિપબ્લિકન નેતાઓના ટેકા સાથે "એન્ડ ધ H-1B વિઝા એબ્યુઝ એક્ટ ઓફ ૨૦૨૬" નામનું બિલ રજૂ કર્યું છે. આ બિલને ટેકો આપનારાઓમાં બ્રાયન બેબીન, બ્રાન્ડન ગિલ, વેસ્લી હન્ટ, કીથ સેલ્ફ, એન્ડી ઓગલ્સ, પોલ ગોસર અને ટોમ મેકક્લિન્ટોકનો સમાવેશ થાય છે. આ કાયદા નિર્માતાઓનો સીધો આરોપ છે કે અમેરિકન IT કંપનીઓ સસ્તા વિદેશી કામદારો મેળવવા માટે H-1B વિઝા પ્રોગ્રામનો મોટા પાયે દુરુપયોગ કરી રહી છે, જેનાથી સ્થાનિક અમેરિકનોને નોકરીઓથી વંચિત રહેવું પડે છે. આ બિલમાં H-1B વિઝા સિસ્ટમમાં અત્યંત કડક સુધારાઓ સૂચવવામાં આવ્યા છે. હાલમાં દર વર્ષે અપાતા વિઝાની મર્યાદા ૬૫,૦૦૦ છે, જેને ઘટાડીને સીધી ૨૫,૦૦૦ કરવાની દરખાસ્ત છે. એટલું જ નહીં, H-1B વિઝા ધારકોનો લઘુત્તમ વાર્ષિક પગાર $200,000 નક્કી કરવાનો પ્રસ્તાવ છે, જે હાલના પગાર ધોરણો કરતા ઘણો ઊંચો છે.

આ ઉપરાંત, એક મોટો ફટકો એ છે કે આ વિઝા પર અમેરિકા જતા લોકો પોતાના પરિવારજનો કે આશ્રિતોને હવે સાથે નહીં લઈ જઈ શકે. ભારતના હજારો IT એન્જિનિયરો અને ડૉક્ટર્સ H-1B વિઝાનો સૌથી વધુ લાભ લે છે, તેથી તેમના માટે આ નવા નિયમો એક મોટો પડકાર બની શકે છે. નવા પ્રસ્તાવ મુજબ, હાલની વિઝા ફાળવણીની લોટરી સિસ્ટમ નાબૂદ કરીને પગાર-આધારિત પસંદગી પ્રણાલી લાગુ કરવામાં આવશે. નોકરી આપતી કંપનીઓએ પ્રમાણિત કરવું પડશે કે તેમને સ્થાનિક લાયક અમેરિકન કર્મચારીઓ મળ્યા નથી અને તેમણે કોઈ પણ જૂના કર્મચારીઓને છૂટા કર્યા નથી. સાથે જ, H-1B કામદારો માટે એકસાથે બહુવિધ નોકરીઓ કરવા પર અને થર્ડ-પાર્ટી ભરતી એજન્સીઓ દ્વારા નોકરી મેળવવા પર પણ પ્રતિબંધ મૂકવામાં આવશે. આ બિલ માત્ર વિઝા પૂરતું સીમિત નથી, પરંતુ તે વિદેશી કામદારોના અમેરિકામાં કાયમી વસવાટના રસ્તા પણ બંધ કરવા માંગે છે. ફેડરલ એજન્સીઓને આવા કામદારોને સ્પોન્સર કરવા પર રોક લગાવવામાં આવશે.

આ ઉપરાંત, વિદેશી વિદ્યાર્થીઓને ભણતર પછી કામ કરવાની તક આપતા OPT પ્રોગ્રામને રદ કરવાનો પણ પ્રસ્તાવ છે. બિલમાં સ્પષ્ટ કરાયું છે કે H-1B વિઝા ધારકો ભવિષ્યમાં કાયમી નિવાસી (ગ્રીન કાર્ડ ધારક) બની શકશે નહીં અને તેમણે અમેરિકામાં અન્ય કોઈ વિઝા સ્ટેટસ મેળવતા પહેલા ફરજિયાતપણે એકવાર દેશ છોડવો પડશે.

# ગુજરાતમાં તરખાટ મચાવનાર તમિલનાડુની ખૂંખાર ગેંગનો પર્દાફાશ

(સંપૂર્ણ સમાચાર સેવા)વાપી

રાજ્યના પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દમણ પોલીસને મોટી સફળતા મળી છે. દમણ પોલીસે ચોરીના ગુનાઓમાં કુખ્યાત તમિલનાડુની એક આંતરરાજ્ય ગેંગના ચાર સાગરીતોને દબોચી લીધા છે અને અંદાજે ૧૩ લાખ ૩૮ હજારની કિંમતના ચોરીનો મુદ્દામાલ પણ કબજે કર્યો છે. આરોપીઓની અત્યાર સુધીની પૂછપરછમાં તેઓએ દમણ ઉપરાંત વલસાડ જિલ્લાના અનેક વિસ્તારોમાં ચોરી કરી અને વલસાડ જિલ્લા પોલીસને પણ દોડતી કરી દીધી હતી. ત્યારે કોણ છે આ ગેંગ? અને કેવી રીતે આચરતી હતી ચોરી? જોઈએ આ અહેવાલ.

રાજ્યના પડોશમાં આવેલા સંઘ પ્રદેશ દમણના નાની દમણ વિસ્તારમાં થોડા દિવસ અગાઉ એક ઘરમાંથી ચોરી થઈ હતી. વહેલી સવારે ઘરમાંથી મોબાઈલ સહિત અન્ય કીમતી ઉપકરણોની કોઈ અજાણ્યા શખ્સો ચોરી કરી અને ફરાર થઈ ગયા હતા. સાડા પાંચ લાખથી વધુની ચોરીની ફરિયાદ પોલીસ સ્ટેશન સુધી પહોંચી હતી. ત્યાર બાદ મામલાને ગંભીરતાથી લઈ દમણ પોલીસે વિવિધ ટીમો બનાવી અને તપાસ શરુ કરી હતી. તપાસના અંતે દમણ પોલીસે વાપીના તળાવ ફળિયા નજીકથી ચાર આરોપીઓની ધરપકડ કરી છે. પ્રાથમિક તપાસમાં ચારે આરોપીઓ મૂળ તમિલનાડુના વેલોર જિલ્લાના છે અને તેઓ વાપીમાં રહી અને આસપાસના વિસ્તારમાં ચોરી કરી અને ફરાર થઈ જતા હતા. પોલીસના હાથે ઝડપાયેલા આરોપીઓ પર એક નજર કરીએ તો, જીવા મુનિયપ્પા, આર્યા અનિયપ્પન, મુનિયપ્પા બલરાજ, મુનિયપ્પા મુરગનનો સમાવેશ થાય છે.

પોલીસની અત્યાર સુધીની તપાસમાં બહાર આવ્યું છે કે આ આરોપીઓ મૂળ તમિલનાડુના વેલ્લોર જિલ્લાના છે. તેઓ ત્યાંથી અવારનવાર દેશના ખૂણે ખૂણે પહોંચતા હતા અને જે તે વિસ્તારની રેકી કરી અને કોઈ મકાનને નિશાન બનાવતા હતા. તેમાંથી ગણતરીના સમયમાં જ ચોરી કરી અને ફરાર થઈ જતા હતા. આરોપીઓ મોટેભાગે વહેલી સવારે જ ચોરી કરતા હતા. વહેલી સવારે નોકરી ધંધે જવાનો સમય હોવાથી મોટે ભાગે ઘરના દરવાજાઓ ખુલ્લા હોય છે. આથી આ સમયનો ગેરલાભ લઈ અને આ આરોપીઓ ગણતરીના સમયમાં જ ઘરમાંથી કીમતી ચીજ વસ્તુઓની ચોરી કરી અને પલવારમાં ફરાર થઈ જતા હતા. આરોપીઓ છેલ્લા કેટલાક સમયથી વાપીના તળાવ ફળિયા નજીક એક ચાલીમાં રહેતા હતા અને ત્યારબાદ તેઓ વાપી અને આસપાસના વિસ્તારમાં વહેલી સવારે આવી રીતે ચોરી કરતા હતા. અને જો પકડાઈ જાય તો તેઓ તમિલ ભાષામાં વાતો કરી અને સામેવાળા વ્યક્તિને ભરમાવી દેતા હતા. અત્યાર સુધીની તપાસમાં આરોપીઓએ ન માત્ર દમણ પરંતુ વાપી, સંજાણ, ભીલાડ, પારડી સહિતના વિસ્તારોમાં પણ આવી જ રીતે ચોરીઓને અંજામ આપ્યો હતો. આરોપીઓ સુધી પહોંચવા દમણ પોલીસે ૧૨૦ થી વધુ સીસીટીવી કેમેરાના ફૂટેજ ચેક કર્યા હતા અને ત્યારબાદ તપાસના અંતે વાપી રેલવે સ્ટેશન નજીકથી તેઓને મહત્વની કડી મળતા તેઓએ વાપીના તળાવ ફળિયા નજીક એક ચાલીમાં રાત્રે રેડ કરી અને આરોપીઓને દબોચી લીધા હતા. આરોપીઓ પાસેથી પોલીસે ૫૦ મોબાઈલ, ૫ લેપટોપ, એક ટેબલેટ સહિત અંદાજે ૧૩,૩૮,૦૦૦ થી વધુની કિંમતનો મુદ્દામાલ પણ કબજે કર્યો હતો.પોલીસના હાથે ઝડપાયેલા આ ગેંગના આરોપીઓ મૂળ તમિલનાડુના વેલોર જિલ્લાના છે. પરંતુ અગાઉ દેશના અનેક રાજ્યોમાં તેમના કારનામાઓ પોલીસ ચોપડે નોંધાઈ ચૂક્યા છે.

જેમાં દિલ્હી, મુંબઈ સહિત દેશના અનેક શહેરોમાં આવી જ રીતે ચોરી કરી અને અનેક રાજ્યોની પોલીસને દોડતી કરી દીધી હતી. અત્યારે પોલીસના હાથે આરોપીઓ લાગતા હવે આગામી તપાસમાં આ ગેંગે આચરેલા અનેક ગુનાઓના ભેદ ઉકેલવાની શક્યતાઓ જોવાઈ રહી છે.

## તંત્રી લેખ......

### LPG સંકટને ટાળવા સરકારે કરી પ્લાનિંગ, ખરીદીની નીતિમાં ફેરફાર

પશ્ચિમ એશિયામાં ચાલી રહેલા સંઘર્ષ અને વધતા તણાવ વચ્ચે ભારત સરકારે દેશમાં રસોઈ ગેસ(LPG)નો પુરવઠો જાળવી રાખવા માટે પોતાની વ્યૂહરચનામાં મોટો ફેરફાર કર્યો છે. સ્થાનિક અને કોમર્શિયલ ગ્રાહકોની વધતી માંગને પહોંચી વળવા માટે હવે ભારત માત્ર પરંપરાગત સ્રોતો પર નિર્ભર રહેવાને બદલે દુનિયાના વિવિધ દેશો પાસેથી તત્કાલ ખરીદી દ્વારા ગેસ મંગાવી રહ્યું છે.

મીડિયા રિપોર્ટ્સ મુજબ, સરકારી ઓઈલ કંપનીઓએ (OMCs) તાજેતરના અઠવાડિયામાં અમેરિકા સહિત અનેક દેશો પાસેથી એલપીજીના વધારાના કાર્ગો બુક કર્યા છે, જે જૂન અને જુલાઈ સુધીમાં ભારત પહોંચવાની ધારણા છે. આ આક્રમક વ્યૂહનીતિ પાછળનો મુખ્ય હેતુ બજારમાં ગેસની અછતને અટકાવવાનો અને પુરવઠો સુરક્ષિત કરવાનો છે.

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના સંયુક્ત સચિવ સુજાતા શર્માના જણાવ્યા અનુસાર, અગાઉ ભારત પોતાની ૬૦ ટકા જરૂરિયાત આયાત દ્વારા પૂરી કરતું હતું, પરંતુ હવે ઘરેલુ ઉત્પાદન વધારવા પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. ભારતમાં હાલમાં દરરોજ અંદાજે ૮૦,૦૦૦ ટન એલપીજીની જરૂર પડે છે, જેની સામે ઘરેલુ ઉત્પાદન ૨૦ ટકા વધારીને ૪૬,૦૦૦ ટન પ્રતિ દિવસ સુધી પહોંચાડવામાં આવ્યું છે. છતાં જે ઘટ પડે છે તેને પહોંચી વળવા માટે આયાતના વિકલ્પો વિસ્તૃત કરવામાં આવ્યા છે. સરકારની પ્રાથમિકતા દેશમાં ગેસનો અવિરત પુરવઠો સુનિશ્ચિત કરવાની છે અને તેના માટે જ્યાંથી પણ શક્ય હશે ત્યાંથી ગેસની ખરીદી કરવામાં આવશે.

અગાઉ ભારતની લગભગ ૯૦ ટકા એલપીજી સપ્લાય યુએઈ, કતાર, સાઉદી અરેબિયા અને કુવૈત જેવા ખાડી દેશોમાંથી આવતી હતી. પરંતુ પશ્ચિમ એશિયામાં યુદ્ધની સ્થિતિને જોતા ભારતે હવે અમેરિકા, નોર્વે, કેનેડા, અલ્જીરિયા અને રશિયા જેવા દેશો પાસેથી મોટા પાયે ખરીદી શરૂ કરી છે. આ ફેરફારને કારણે ભારતની સપ્લાય ચેઈન વધુ સુરક્ષિત અને વિવિધતાસભર બની છે. સરકારે માહિતી આપી છે કે આશરે આઠ લાખ ટન એલપીજીનો જથ્થો પહેલેથી જ બુક કરી દેવાયો છે જે ભારત તરફ આવી રહ્યો છે. યુદ્ધના સમયમાં પણ હોર્મુઝ સ્ટ્રેટ પાર કરીને ભારત પહોંચેલા ૧૦ જહાજોમાંથી ૯માં LPG જ હતો, જે સરકારની સક્રિયતા દર્શાવે છે.

નિષ્ણાતો માને છે કે સ્પોટ ખરીદીની આ નીતિ સંકટના સમયે અત્યંત અસરકારક સાબિત થશે. તેનાથી ભારતને જરૂરિયાત મુજબ તાત્કાલિક ગેસ મળી રહે છે અને કિંમતો પર પણ અંકુશ મેળવી શકાય છે. અલગ-અલગ દેશો પર નિર્ભરતા વધવાથી ભવિષ્યમાં કોઈ એક ભૌગોલિક ક્ષેત્રમાં તણાવ સર્જાય તો પણ ભારતના પુરવઠાને અસર થશે નહીં. ગ્રાહકો માટે આ રાહતના સમાચાર છે, કારણ કે આ આયોજનને લીધે આગામી મહિનાઓમાં એલપીજી સિલિન્ડરની અછત સર્જાય તેવી શક્યતા નહિવત છે. સરકારનું સ્પષ્ટ વલણ છે કે ગમે તેવા પડકારજનક સંજોગો હોય, દેશમાં રસોઈ ગેસનો પુરવઠો ખોરવાવા દેવામાં આવશે નહીં.

પોલીસ સાથે ઘર્ષણ

# સુરતના અલથાણમાં વિધર્મી યુવકે સગીરાની છેડતી કરતા સ્થાનિકોમાં ભારે આક્રોષ

**મોટી સંખ્યામાં લોકોએ અલથાણ પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો હતો : આરોપીને ઘટના સ્થળે લવાતા ભીડ બેકાબૂ**

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

વાત જ્યારે દીકરીની લાજની આવે ત્યારે ભલભલા સમાજ લડી લેવાના મૂડમાં આવી જાય છે. સુરતના એક વિધર્મી યુવક દ્વારા પાટીદાર દીકરીની છેડતી કરાતા મામલો બિચક્યો છે.

શહેરના અલથાણ વિસ્તારમાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતી એક સગીર વિદ્યાર્થિનીની છેડતીની શરમજનક ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. વિધર્મીએ છેડતી કરતા બનાવને પગલે સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો અને મોટી સંખ્યામાં લોકોએ અલથાણ પોલીસ સ્ટેશનનો ઘેરાવો કર્યો હતો. તો આજે આરોપી અઝીઝને ઘટના સ્થળે લવાતા ભીડ બેકાબૂ બની હતી.

મળતી માહિતી અનુસાર, ધોરણ-૧૦માં ભણતી એક સગીરા જ્યારે રસ્તા પરથી પસાર થઈ રહી હતી. ત્યારે બારડોલીના રહેવાસી ૩૯ વર્ષીય મોહંમદ અઝીઝ ઈલિયાઝે તેનો હાથ પકડી છેડતી કરી હતી. સગીરા સાથે થયેલી આ હરકતની જાણ વાયુવેગે વિસ્તારમાં પ્રસરી ગઈ હતી. જેના પરિણામે લોકોના ટોળા રસ્તા પર ઉતરી આવ્યા હતા.

ઘટનાની ગંભીરતા જોતા આસપાસના લોકો અને પીસીઆર (PCR) વાને તાત્કાલિક આરોપી મોહંમદ અઝીઝને ઝડપી પાડી પોલીસ સ્ટેશન ખસેડ્યો હતો. જોકે, આક્રોશિત લોકોએ પોલીસ સ્ટેશન બહાર એકઠા થઈને આરોપી વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાની અને તેનો વરઘોડો કાઢવાની માંગ કરી હતી. પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે પોલીસે હળવો બળપ્રયોગ કરવાની પણ ફરજ પડી હતી.

આ મામલે DCP નિધિ ઠાકુરે જણાવ્યું હતું કે, અલથાણ પોલીસ સ્ટેશન વિસ્તારમાં સગીરાની છેડતીનો પ્રયાસ થયો હતો. આરોપીને તાત્કાલિક પોલીસ કસ્ટડીમાં લઈ લેવામાં આવ્યો છે. દીકરીના વાલીઓ અને ક્લાસ ટીચરની હાજરીમાં પોક્સો (POCSO) ની કલમો હેઠળ ફરિયાદ નોંધવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. ટોળાને સમજાવીને શાંતિપૂર્ણ રીતે વિખેરી દેવામાં આવ્યું છે અને હાલ પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. હાલમાં પોલીસ દ્વારા આ મામલે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે અને વિસ્તારમાં કોઈ અપ્રિય ઘટના ન બને તે માટે પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવ્યો છે. સુરત અલથાણ સગીરા છેડતી મામલે રોષે ભરાયેલા લોકો દ્વારા લારીઓ હટાવવામાં આવી હતી. ટોળાંએ વિધર્મીઓની લારી અને પાથરણા હટાવવામાં આવ્યા હતા. ટોળાંએ પાથરણા અને લારી ધારકોના આઈકાર્ડ ચેક કરવામાં આવ્યા હતા.

આરોપીને નવી સિવિલ હોસ્પિટલ ખાતે લાવામાં આવ્યો હતો. આરોપીને મેડિકલ માટે લાવામાં આવ્યો હતો. છેડતી કરનાર આરોપી મોહંમદ અજીજ ઈમતીયાઝની પોલીસે ધરપકડ કરી છે. હજી પણ આરોપી સામે લોકોનો ખુબજ આક્રોશ જોવા મળ્યો હતો. છેડતી કરનાર આરોપી મોહંમદ અઝીઝ ઈલિયાઝે બીજા દિવસે શહેરમાં ફેરવવામાં આવ્યો હતો. ત્યારે પણ મોટી સંખ્યામાં ભીડ એકઠી થયેલી જોવા મળી હતી. આ સમયે લોકોએ એક જ માંગ કરી હતી કે, આરોપીને અમને સોંપી દેવામાં આવે. લોકોએ આરોપી સાથે ટપલીદાવ કર્યો હતો.

## રાજકોટમાં નિર્દોષ શ્વાન પર પિતા-પુત્રની હેવાનિયત

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજકોટ શહેરમાંથી એક અત્યંત વિચલિત કરી દેનારી ઘટના સામે આવી છે.

શહેરના યુનિવર્સિટી રોડ વિસ્તારમાં એક પાળેલા નિર્દોષ શ્વાન પર પિતા અને પુત્રએ અમાનવીય રીતે તૂટી પડી ક્રૂરતાની તમામ હદો વટાવી દીધી છે. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતા પશુ પ્રેમીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ઘટનાની વિગત મુજબ, રાજકોટના રહીશ મહેન્દ્રસિંહ અને તેમનો પુત્ર અભિરાજસિંહ કોઈ અગમ્ય કારણોસર રસ્તા પર રહેલા એક અબોલ જીવ પર લાકડીઓ વડે તૂટી પડ્યા હતા. આ પિતા-પુત્રની જોડીએ નિર્દોષ શ્વાનને લોહીલુહાણ કરી નાખ્યો હતો. જ્યારે શ્વાન ચીસો પાડી રહ્યો હતો, ત્યારે તેને બચાવવા માટે હિંમતવાન સ્ત્રી દોડી આવી હતી. જોકે, હેવાનિયત પર ઉતરી આવેલા પિતા-પુત્રએ આ મહિલાને પણ છોડી ન હતી અને તેની સાથે પણ ઝઘડો કરી માર માર્યો હતો.

આ સમગ્ર હિંસક ઘટનાના દ્રશ્યો સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગયા હતા, જે હવે વાયરલ થયા છે. વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે કેવી રીતે આ બંને શખ્સો કાયદાનો ડર રાખ્યા વગર એક અબોલ જીવ પર પ્રહાર કરી રહ્યા છે.

પશુ ક્રૂરતાની આ ઘટના સંદર્ભે રાજકોટની યુનિવર્સિટી પોલીસ મથકમાં મહેન્દ્રસિંહ અને અભિરાજસિંહ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

લસ્સીમાં ઝેરને કારણે ૮૧ વર્ષના વૃદ્ધનું મોત

# નશીલો પદાર્થ પીવડાવી લૂંટ કરતી મહિલાની ધરપકડ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચે એકલવાયું જીવન જીવતા વૃદ્ધોને નિશાન બનાવી તેમને નશીલો પદાર્થ પીવડાવી લૂંટ ચલાવતી શાતિર અને રીઢા ગુનેગાર મહિલાની ધરપકડ કરી છે. દરિયાપુર વિસ્તારમાં બનેલી આ ઘટનામાં લસ્સીમાં ભેળવેલા નશીલા પદાર્થના કારણે ૮૧ વર્ષીય વૃદ્ધનું મોત થતાં મામલો હવે હત્યામાં ફેરવાયો છે. પોલીસ તપાસ મુજબ આરોપી લતાબેન ઉર્ફે ગુલાબ ઉર્ફે લકડી ચૌહાણ (ઉંમર ૫૫ વર્ષ) એકલવાયું જીવન જીવતા અથવા વૃદ્ધ દંપતિઓને નિશાન બનાવતી હતી. આરોપી મહિલા સેવા આપવાના બહાને તેમનો વિશ્વાસ જીતી ઘરમાં પ્રવેશ મેળવી લેતી હતી અને બાદમાં નશીલો પદાર્થ પીવડાવી લૂંટ ચલાવતી હતી.

દરિયાપુરના દિલ્હી ચકલા વિસ્તારમાં અબ્દુલભાઈ ઈસ્માઈલભાઈ સિપાઈ (ઉંમર ૮૧ વર્ષ) અને તેમની પત્નીને આરોપીએ લસ્સીમાં ઘેનની દવા ભેળવી પીવડાવી દીધી હતી. ઘેનની અસરને પગલે દંપતી બેભાન થતાં જ આરોપી રોકડ રકમ લઈને ફરાર થઈ ગઈ હતી. ભારે માત્રામાં આપેલા નશીલા પદાર્થના કારણે અબ્દુલભાઈની તબિયત બગડતા સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

આ ગંભીર ગુનાની તપાસ માટે ક્રાઈમ બ્રાન્ચે ટેક્નિકલ અને માનવીય માહિતી (હ્યુમન ઈન્ટેલિજન્સ)ના આધારે તપાસ હાથ ધરી હતી. અગાઉના સમાન ગુનાઓના આધારે શંકાસ્પદોની યાદી તૈયાર કરી શાહપુર વિસ્તારમાં દરોડો પાડી આરોપીને ઝડપી પાડવામાં આવી હતી.

પોલીસના હાથ ઝડપાયેલા આરોપી લતાબેન ચૌહાણ વિરુદ્ધ અમદાવાદના વિવિધ પોલીસ સ્ટેશનોમાં અગાઉ ૯ જેટલા ગુનાઓ નોંધાયેલા છે. જેમાં ચોરી, ઘુસણખોરી અને જુગાર સંબંધિત ગુનાઓનો સમાવેશ થાય છે. હાલના ગુનામાં દરિયાપુર પોલીસ સ્ટેશનમાં આરોપી વિરુદ્ધ BNSની કલમ ૧૦૫, ૧૨૩, ૩૨૯(૨) અને ૩૦૩(૨) હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે.

આ ઉપરાંત અમદાવાદ પોલીસે નાગરિકોને અપીલ કરી છે કે અજાણી વ્યક્તિઓ દ્વારા આપવામાં આવતી ખાદ્ય વસ્તુઓ સ્વીકારતા પહેલા સતર્ક રહો તેમજ કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અંગે તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશન અથવા ૧૧૨ પોલીસ કંટ્રોલરૂમને જાણ કરો.

તાત્કાલિક લઈ જવો પડ્યો હોસ્પિટલ

# દિલ્હી કેપિટલ્સના ખેલાડીને બોલ વાગતા લોહીલુહાણ

**સાહિલ પારખને ચહેરા પર બોલ વાગવાથી ગંભીર ઈજા**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દિલ્હીના અરુણ જેટલી સ્ટેડિયમમાં અક્ષર પટેલની આગેવાની હેઠળની દિલ્હી કેપિટલ્સ ટીમ શનિવારે પંજાબ કિંગ્સ સામે ટકરાવાની છે. જેને લઈને ટીમ પ્રેક્ટિસ કરી રહી હતી. ત્યારે ટીમના યુવા ખેલાડી સાહિલ પારખને ચહેરા પર બોલ વાગવાથી ગંભીર ઈજા થઈ હતી. આ ઈજા એટલી ગંભીર હતી કે તાત્કાલિક મેદાનમાં એમ્બ્યુલન્સ બોલાવવામાં આવી હતી અને તેને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો.

આ ઘટના શુક્રવારે અરુણ જેટલી સ્ટેડિયમમાં બની હતી, જ્યારે દિલ્હી કેપિટલ્સની ટીમ તેમની આગામી મેચ પહેલા પ્રેક્ટિસ સેશન કરી રહી હતી. જ્યારે ૧૮ વર્ષીય સાહિલ પારખ બેટિંગ કરી રહ્યો હતો, ત્યારે એક બોલ તેના ચહેરા પર સીધો વાગ્યો હતો, જેના કારણે તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અહેવાલો અનુસાર, બોલ તેના હેલ્મેટ પર એટલા જોરથી વાગ્યો કે તેના ચહેરા પરથી લોહી વહેવા લાગ્યું હતું.

પ્રેક્ટિસ સેશન અટકાવી દેવામાં આવ્યું હતું અને તબીબી સ્ટાફે તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી, ત્યારબાદ ખેલાડીને વિશેષ સારવાર માટે એમ્બ્યુલન્સ દ્વારા હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. આ ઘટનાએ દિલ્હી કેપિટલ્સ માટે આ સિઝનમાં વધતી જતી ઈજાની ચિંતાઓમાં વધારો કર્યો છે. મેડિકલ તપાસ બાદ જ ખબર પડશે કે સાહિલ પારખની ઈજા કેટલી ગંભીર છે, ત્યાર બાદ ટીમ મેનેજમેન્ટ વિગતવાર માહિતી આપશે તેવી શક્યતા છે.

નશીલા પદાર્થ સાથે ઘાતક હથિયારોનો જથ્થો પણ મળ્યો

# અમીરગઢ ચેકપોસ્ટ પરથી રૂ. ૩૭ લાખનું ચરસ અને પિસ્તોલ ઝડપાયા

(સંપૂર્ણ સમાચાર સેવા)બનાસકાંઠા

બનાસકાંઠા જિલ્લાની અમીરગઢ ચેકપોસ્ટ પરથી પોલીસે રાજસ્થાન તરફથી આવતી એક ખાનગી લક્ઝરી બસમાં તપાસ હાથ ધરીને નશીલા પદાર્થોનો મોટો જથ્થો ઝડપી પાડ્યો છે. આગામી સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને પોલીસ દ્વારા ચેકપોસ્ટ પર ચુસ્ત બંદોબસ્ત અને સઘન વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. આ દરમિયાન એક શંકાસ્પદ મુસાફરની બેગની તલાશી લેતા તેમાંથી અંદાજે રૂ. ૩૭ લાખની કિંમતનું ૧૩ કિલો ચરસ મળી આવ્યું હતું. આટલી મોટી માત્રામાં ડ્રગ્સ ઝડપાતા પોલીસ વિભાગમાં પણ દોડધામ મચી ગઈ છે.પોલીસની તપાસમાં માત્ર ચરસ જ નહીં, પરંતુ ઘાતક હથિયારો પણ મળી આવ્યા છે. પકડાયેલા આરોપી પાસેથી ૧ પિસ્તોલ અને ૧૬ જીવતા કારતૂસ પણ રિકવર કરવામાં આવ્યા છે. ચૂંટણી પૂર્વે આ પ્રકારે હથિયારો અને ડ્રગ્સનો જથ્થો ઝડપાતા અનેક સવાલો ઉભા થયા છે. પોલીસ એ દિશામાં તપાસ કરી રહી છે કે આ હથિયારોનો ઉપયોગ કોઈ ચોક્કસ ગુનાહિત પ્રવૃત્તિ કે ચૂંટણીમાં અશાંતિ ફેલાવવા માટે કરવાનો હતો કે કેમ. અમીરગઢ પોલીસે આરોપીની અટકાયત કરી તેની સામે નાર્કોટિક્સ (NDPS) અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધવાની તજવીજ હાથ ધરી છે. પ્રાથમિક પૂછપરછમાં આરોપી આ જથ્થો રાજસ્થાનથી લાવીને ગુજરાતના કયા શહેરમાં અને કોને પહોંચાડવાનો હતો તે દિશામાં તપાસ શરૂ કરવામાં આવી છે. આ નેટવર્ક સાથે જોડાયેલા અન્ય સાગરીતોને પકડવા માટે પોલીસે અલગ-અલગ ટીમો બનાવી છે. એવું મનાઈ રહ્યું છે કે આ મોટા ડ્રગ્સ રેકેટના તાર અન્ય રાજ્યો સાથે પણ જોડાયેલા હોઈ શકે છે.

જાહેરાત જોઈને સંપર્ક કર્યો અને છેતરાયા

# થાઈલેન્ડ ટૂરના બહાને લાખોની છેતરપિંડી થઈ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલી એક ટ્રાવેલ એજન્સીએ વિદેશ પ્રવાસના શોખીન લોકોને સસ્તા પેકેજની લાલચ આપી લાખો રૂપિયાની છેતરપિંડી આચરી હોવાની ઘટના સામે આવી છે. થાઈલેન્ડની ટૂર, વિઝા અને ફ્લાઈટ ટિકિટના નામે કુલ ૯.૭૧ લાખ રૂપિયા પડાવીને એજન્સીના માલિકો ઓફિસ બંધ કરી ફરાર થઈ ગયા હતા. જોકે, ચાર મહિના બાદ આ મામલે ફરિયાદ નોંધાતા સેટેલાઈટ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. શાહીબાગ વિસ્તારમાં રહેતા વેપારી રોહિતભાઈએ નોંધાવેલી ફરિયાદ મુજબ, ઓગસ્ટ ૨૦૨૫માં રોહિતે આંતરરાષ્ટ્રીય ટ્રાવેલ પેકેજોની જાહેરાત જોઈને શિવરંજની-સેટેલાઈટ સ્થિત ’કે.સી. હોલિડેઝ’ નામની પેઢીનો સંપર્ક કર્યો હતો. કંપનીએ ફૂકેટ, ક્રાબી અને બેંગકોકની ૮ દિવસ અને ૭ રાતની ટ્રિપ માટે પ્રતિ વ્યક્તિ ૭૫,૦૦૦ રૂપિયાનું પેકેજ ઓફર કર્યું હતું. જેમાં ટિકિટ, વિઝા અને રહેવા-જમવાની સુવિધાનો સમાવેશ થતો હતો. ફરિયાદીએ તેમના પરિવારના ત્રણ સભ્યો માટે કુલ ૨.૧૦ લાખ રૂપિયા ચૂકવ્યા હતા. જેમાં બેંક ટ્રાન્સફર દ્વારા ૧.૧૦ લાખ રૂપિયા અને રોકડમાં ૧ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે, જેની રસીદો કંપની દ્વારા જારી કરવામાં આવી હતી.

જનતાને દંડ પણ નેતાઓને છૂટ?

# રાજકીય રેલીઓમાં ટ્રાફિક નિયમોના ઉડ્યા ધજાગરા

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

સુરત મહાનગરપાલિકાની ૨૦૨૬ની ચૂંટણી પૂર્વે શહેરના રાજકીય માહોલમાં ગરમાવો આવ્યો છે. મતદારોને રીઝવવા માટે ભાજપ, કોંગ્રેસ અને આપ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ભવ્ય વાહન રેલીઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જોકે, આ રેલીઓમાં કાયદાનું પાલન કરાવતી પોલીસની બેવડી નીતિ સામે આવતા સામાન્ય જનતામાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. શહેરમાં સામાન્ય સુરતી જો હેલ્મેટ કે સીટ બેલ્ટ વિના નીકળે, તો સીસીટીવી કેમેરા કે રસ્તા પર ઊભેલી પોલીસ તુરંત જ દંડની રસીદ ફાડી દે છે. પરંતુ રાજકીય રેલીઓમાં ચિત્ર સાવ અલગ જ હતું. ભાજપ, કોંગ્રેસ અને આપના કાર્યકરો હેલ્મેટ પહેર્યા વિના, બાઈક પર ત્રણ-ત્રણ સવારી બેસીને અને મોટા ઝંડાઓ સાથે બિન્દાસ્ત રેલી કાઢી રહ્યા હતા. આ રેલી દરમિયાન પોલીસનો કાફલો આસપાસ હોવા છતાં, નિયમોનો છડેચોક ભંગ કરનારા એક પણ કાર્યકર સામે દંડાત્મક કાર્યવાહી કરવામાં આવી નહોતી. શહેરમાં મુકાયેલા ૩૨૦૦થી વધુ સીસીટીવી કેમેરા માત્ર સામાન્ય જનતા પાસેથી દંડ વસૂલવા માટે જ હોય તેવો આક્ષેપ લોકો કરી રહ્યા છે.સુરત પોલીસ ટ્રાફિક નિયમોના પાલન માટે અત્યંત કડક હોવાનો દાવો કરે છે. દર વર્ષે હેલ્મેટ અને સીટ બેલ્ટ વિના વાહનચલાવતા સુરતીઓ પાસેથી કરોડો રૂપિયાનો દંડ વસૂલવામાં આવે છે. ઘણીવાર પોલીસ અને જનતા વચ્ચે ઘર્ષણના દ્રશ્યો પણ સર્જાય છે. ત્યારે પ્રશ્ન એ ઊઠે છે કે, શું કાયદો માત્ર સામાન્ય નાગરિકો માટે જ છે? રેલીના દ્રશ્યો જોઈને સોશિયલ મીડિયા અને જાહેર સ્થળો પર લોકો પોલીસની કામગીરીને વખોડી રહ્યા છે. જો પોલીસ સુરક્ષા માટે દંડ કરતી હોય, તો શું રાજકીય પક્ષોના કાર્યકરોને સુરક્ષાની જરૂર નથી? શું પક્ષની ટોપી કે ખેસ પહેરવાથી હેલ્મેટ પહેરવાની જરૂર રહેતી નથી? શું હવે સામાન્ય વાહન ચાલકો પણ દંડથી બચવા માટે રાજકીય પક્ષના ખેસ પહેરીને નીકળે?

કાયદો બધા માટે સમાન હોવો જોઈએ તેવી માંગ સાથે સુરતીઓ પોલીસના આ પક્ષપાતી વલણ સામે શંકાની નજરે જોઈ રહ્યા છે. આ ઘટના બાદ ટ્રાફિક વિભાગની વિશ્વસનીયતા પર મોટા સવાલો ઊભા થયા છે.

## કોંગ્રેસ ઉમેદવાર આશિષ જોષીનો ષડયંત્રનો આરોપ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

સંખેડા પોલીસ સ્ટેશને કારમાંથી વિદેશી દારૂના જથ્થા સાથે ઝડપાયેલા મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ ડભોઈ ખાતે રહેતા પ્રમોદ પાંડે નામના શખ્સે પૂછપરછ દરમિયાન આ જથ્થો વડોદરાના આશિષ જોષીએ મંગાવ્યો હોવાની કબુલાત કરતા પોલીસે પ્રોહીબિશન અધિનિયમ હેઠળ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. આ ઘટનાને લઈને રાજકીય ગરમાવો વધ્યો છે. વોર્ડ નંબર ૧૫ના કોંગ્રેસ ઉમેદવાર આશિષ જોષીએ આરોપોને સખત શબ્દોમાં નકારી કાઢતા જણાવ્યું હતું કે, ભાજપને હારનો ભય સતાવી રહ્યો હોવાથી તેમને ષડયંત્રપૂર્વક ફસાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. છેલ્લા કેટલાક દિવસોથી આયોજનબદ્ધ રીતે તેમના વિરુદ્ધ વાતાવરણ ઊભું કરવામાં આવી રહ્યું હોવાનો આક્ષેપ પણ તેમણે કર્યો હતો.

ગરવી ગુજરાત



ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

Rage.Office: TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005 Gujarat,India. Phone : (O) 9016333307(M)9328333307,9825333307

Email : garvigujarat2007@gmail.com • garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in

# ૧૫ મી ની એ કાળી રાત... પોલીસ કોન્સ્ટેબલ પતિના ત્રાસથી કંટાળી અમદાવાદમાં પત્નીએ વ્હાલુ કર્યુ મોતઃ બે માસુમો નોધારા બન્યા

પ્રતિનિધિ,ગાંધીનગર

અમદાવાદના વાસણા વિસ્તારમાં એક કરૂણ ઘટના બનતા ચકચાર મચી જવા પામી છે. જયાં સામાન્ય જનતા રક્ષણ માટે પોલીસ પાસે જાય છે. ત્યાં જ એક પોલીસકર્મીના ઘરમાં તેની પત્ની અસહ્ય ત્રાસનો ભોગ બની રહી હતી.

મુળ જોધપુરના ગીતાબા રાજપુરોહિતે ગઈ તારીખ ૧૫ એપ્રિલ ના રોજ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા ચકચાર મચી જવા પામી છે. ૧૧ વર્ષ અગાઉ મોટા અરમાનો સાથે ગીતાબાના લગ્ન પોલીસકર્મી અર્જુનસિંહ પુરોહિત સાથે થયા હતા. પરંતુ કોને ખબર હતી કે કાયદાનો ડ્રેસ પહેરનારા પતિ જ કસાઈ નીકળશે, લગ્નના થોડા સમય બાદ જ અર્જુનસિંહે નાની નાની વાતોમાં ઝઘડા કરી ગીતાબાને માનસિક અને શારીરિક રીતે ટોર્ચર કરવાનુ શરૂ કર્યુ હતું. આ મામલે ગીતાબાના ભાઈએ હિંમત દાખવી વાસણા પોલીસ સ્ટેશનમાં પોતાના જ બનેવી અર્જુનસિંહ વિરૂધ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરીયાદ નોંધાવી છે. પોલીસને ઘટનાસ્થળે થી એક સ્યુસાઈડ નોટ પણ મળી આવી હતી. જે આ કેસમાં સૌથી મોટો પુરાવો સાબિત થઈ શકે છે. હાલમાં પોલીસે સ્યુસાઈડ નોટને એફએસએલમાં મોકલી આપી છે અને આરોપી અર્જુનસિંહની ધરપકડની તજવીજ હાથ ધરી છે. પરંતુ સવાલ એ ઉઠી રહ્યો છે કે જે પોલીસ કર્મી પર સમાજની સુરક્ષાની જવાબદારી છે, જો પોતે જ પોતાના ઘરની સ્ત્રીને સુરક્ષિત ન રાખી શકે તો સામાન્ય જનતા કોના પર ભરોસો કરે ?



મુળ જોધપુરના વતની ગીતાબા રાજપુરોહિતના લગ્ન ૧૧ વર્ષ અગાઉ મોટા અરમાનો સાથે પોલીસકર્મી અર્જુનસિંહ પુરોહિત સાથે થયા હતા. ગીતાબાને આશા હતી કે ખાખી વર્દી પહેરનાર પતિ તેમનુ આજીવન રક્ષણ કરશે. પરંતુ લગ્નના થોડા જ સમયમાં અર્જુનસિંહનો અસલી ચહેરો સામે આવ્યો હતો. નાની નાની વાતોમાં ઝઘડા કરવા અને પત્નીને ઢોર માર મારવો એ અર્જુનસિંહની આદત બની ગઈ હતી. ૧૧ વર્ષ સુધી ગીતાબાએ સંતાનોના ભવિષ્ય અને ઘરની આબરૂ ખાતર આ બધુ જ સહન કર્યુ, ગઈ તારીખ ૧૫ એપ્રિલના રોજ આ માનસિક ત્રાસની પરાકાષ્ઠા આવી ગઈ હતી. પતિના સતત ટોર્ચરથી કંટાળી ગયેલા ગીતાબાએ અંતે ગળે ફાંસો ખાઈ જીવન ટુંકાવી લીધુ હતું. આ ઘટનાને પગલે આજુબાજુના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. ગીતાબાના નિધનથી તેમના બે માસુમ સંતાનોએ માતાની છત્રછાયા ગુમાવી દીધી છે. જે ઉંમરે બાળકોને માતાના વ્હાલની જરૂર હતી તે ઉંમરે પિતાના અત્યાચારે તેમને અનાથ જેવી સ્થિતિમાં મુકી દીધા છે. ઘટનાની જાણ થતા જ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને તપાસ હાથ ધરી હતી. ગીતાબાના ભાઈએ હિંમત દાખવીને પોતાના જ બનેવી અર્જુનસિંહ વિરૂધ્ધ વાસણા પોલીસ સ્ટેશનમાં આત્મહત્યાની દુષ્પ્રેરણાની ફરીયાદ નોંધાવી છે.

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓના મતદાનના ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ગળતેશ્વરના ૩ ભાજપના દિગ્ગજ નેતાઓએ ભાજપને કર્યા રામ રામ

પ્રતિનિધિ,ગાંધીનગર

સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ આજે મતદાન યોજાઈ રહ્યુ છે. ત્યારે મતદાન અગાઉ ગણતરીના કલાકો બાકી હતા ત્યારે જ ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકામાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ અગાઉ જ ભાજપમાં મોટુ ભંગાણ પડયુ છે.



જિલ્લા ભાજપ પ્રમુખ નયનાબેન પટેલના પોતાના જ હોમ ગ્રાઉન્ડ ગણાતા વિસ્તારમાં પક્ષના ૩ દિગ્ગજ નેતાઓએ કેસરીયો છેડો ફાડી દેતા રાજકીય ગરમાવો આવી જવા પામ્યો છે. પક્ષમાં ચાલી રહેલી વ્હાલા દવલાની નીતી થી નારાજ થઈને આ નેતાઓએ સામુહિક રાજીનામા ધરી દીધા હતા. ૨૬ એપ્રિલના રોજ આજે ગળતેશ્વર તાલુકા પંચાયતની ૧૮ સીટો અને જિલ્લા પંચાયતની ૩ સીટો પર મતદાન થવાનુ છે. પ્રચારના અંતિમ તબકકે જ ભાજપનો સાથ છોડનારા નેતાઓમાં (૧) જયંતિ પરમાર પૂર્વ તાલુકા પ્રમુખ (૨) હંસાબેન પરમાર પૂર્વ તાલુકા કારોબારી ચેરમેન (૩) દિપેન પટેલ જિલ્લા સદસ્ય

સ્થાનિક સ્તરે ચર્ચાઈ રહ્યુ છે કે જિલ્લા પ્રમુખ દ્વારા ટીકીટ વિતરણ અને પક્ષના આંતરીક નિર્ણયોમાં કેટલાક નેતાઓને પ્રાધાન્ય આપવામાં આવતુ હતું. જયારે વરસોથી મહેનત કરનારા કાર્યકરોની અવગણના થતી હતી. આ ભેદભાવ અને વ્હાલા દવલાની નીતી થી નારાજ થઈને આ ત્રણેય દિગ્ગજ નેતાઓએ પ્રચારના પડઘમ શાંત થાય તે અગાઉ જ રાજીનામા ધરી દીધા હતા. જેની સીધી અસર ભાજપની વોટબેંક પર પડી શકે છે. આ રાજકીય ભુકંપ અંગે જિલ્લા ભાજપ પ્રમુખ નયનાબેન પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે પૂર્વ તાલુકા પ્રમુખે અંદરો અંદરના ઝઘડાને કારણે રાજીનામુ આપ્યુ હોય તેવુ લાગે છે. દિપેન પટેલ લાંબા સમયથી વિસ્તારમાં ગેરહાજર રહેતા હતા. હું ગળતેશ્વરના પ્રવાસે જવાની છુ ત્યારબાદ જ આ બાબતે સ્થિતિ સ્પષ્ટ થશે.

# ભાવનગર મંડળ હોસ્પિટલ દ્વારા વિશ્વ મલેરિયા દિવસે વ્યાપક જનજાગૃતિ અભિયાન આયોજન




વિશ્વ મલેરિયા દિવસના અવસરે પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળ દ્વારા મંડળની વિવિધ આરોગ્ય એકમો તથા મંડળ રેલ્વે હોસ્પિટલ, ભાવનગરના માધ્યમથી વ્યાપક જનજાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું. આ અભિયાનનો મુખ્ય હેતુ રેલવે કોલોનીઓ, સ્ટેશન પરિસરો તથા સામાન્ય જનતાને મલેરિયા રોગ, તેના કારણો, લક્ષણો, નિવારણ તથા સારવાર વિશે જાગૃત કરવાનો હતો.

આ અભિયાન અંતર્ગત મંડળના મુખ્ય સ્ટેશનો— ભાવનગર પરા, ધોળકા, બોટાદ, વેરાવળ, જૂનાગઢ અને જેતલસર ખાતે આરોગ્ય વિભાગ દ્વારા વિવિધ પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવી. આ પ્રવૃત્તિઓમાં ઘર-ઘર જઈ જાગૃતિ ફેલાવવી, પોસ્ટર અને બેનર પ્રદર્શન, પેમ્ફલેટ વિતરણ તેમજ વ્યક્તિગત સંપર્ક દ્વારા લોકોને મલેરિયા નિવારણ વિશે માહિતી આપવામાં આવી.

આરોગ્ય કર્મચારીઓએ રેલવે કોલોનીઓમાં જઈ લોકોને સમજાવ્યું કે મલેરિયા એક મચ્છરજન્ય રોગ છે, જે સંક્રમિત માદા એનોફિલિસ મચ્છરના કાટવાથી ફેલાય છે. સાથે જ તાવ, કંપારી, માથાનો દુખાવો, ઉલ્ટી, નબળાઈ અને શરીરમાં દુખાવો જેવા મુખ્ય લક્ષણો વિશે પણ માહિતગાર કરવામાં આવ્યા.

જાગૃતિ અભિયાન દરમિયાન નાગરિકોને નીચે મુજબની સાવચેતીઓ રાખવાની સલાહ આપવામાં આવીઃ ઘરમાં અને આસપાસ પાણી ભરાઈ ન રહે તેની કાળજી રાખવી, કૂલર અને પાણીની ટાંકીની નિયમિત સફાઈ કરવી, મચ્છરદાનીનો ઉપયોગ કરવો, પૂર્ણ બાંયના કપડાં પહેરવા, લક્ષણો દેખાય તો તરત જ તબીબી તપાસ કરાવવી તેમજ મચ્છરોની ઉત્પત્તિ રોકવા માટે સ્વચ્છતા જાળવવી.

મંડળ રેલવે હોસ્પિટલ, ભાવનગરમાં પણ દર્દીઓ અને કર્મચારીઓને મલેરિયા નિવારણ, સમયસર તપાસ અને સારવારના મહત્વ વિશે માહિતી આપવામાં આવી. હોસ્પિટલ પરિસરમાં પોસ્ટર અને માહિતી સામગ્રી પ્રદર્શિત કરીને જાગૃતિ વધારવામાં આવી.

ભાવનગર મંડળમાં આયોજિત આ જનજાગૃતિ અભિયાન ખૂબ સફળ અને અસરકારક રહ્યું. તેના માધ્યમથી રેલવે કર્મચારીઓ, કોલોની રહેવાસીઓ અને સામાન્ય જનતા વચ્ચે મલેરિયા વિશે જાગૃતિમાં વધારો થયો તથા સ્વચ્છતા અને બચાવના ઉપાયો અપનાવવાનો મહત્વપૂર્ણ સંદેશ પ્રસર્યો.

"મલેરિયા મુકત સમાજ તરફ – જાગૃતિ જ સૌથી મોટું બચાવ છે."

# સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ચુંટણી આયોગ દ્વારા મતદાન કરવા માટે ચુંટણીકાર્ડ ન હોય તેની અવેજીમાં ૧૪ પુરાવા માન્ય રાખવાના આપ્યા સુચનો

પ્રતિનિધિ,ગાંધીનગર

કેન્દ્રીય ચુંટણીપંચ દ્વારા ગુજરાત રાજયમાં મતદારોને ફોટો ઓળખપત્ર પુરા પાડવામાં આવે છે. સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં મતદાર પોતાનો મતાધિકારનો ઉપયોગ કરી શકે તે માટે મતદાનને મળેલા ફોટો ઓળખપત્ર મતદાન મથકે રજુ કરવાની સુચના છે.

આ ઉપરાંત રાજય ચુંટણી આયોગે મતદારના ઓળખપત્ર માટેના વૈકલ્પિક દસ્તાવેજી પુરાવાઓ પણ માન્ય કરેલા છે. ૨૨ જાન્યુઆરી ૨૦૧૬ નો આદેશ રદ કરી ભારતના બંધારણના અનુચ્છેદ ૨૪૩ (ડ) અને ૨૪૩(વ-ક) થી રાજય ચુંટણી આયોગને મળેલ સત્તાની રૂએ હવે પછીની સ્થાનિક સ્વરાજયની યોજાનાર ચુંટણીઓ માટે મતદાન ઓળખપત્ર માટે કેટલીક સુચનાઓનો અમલ કરવા આદેશ કરવામાં આવ્યા છે. જો કોઈ મતદાર આવુ ફોટો ઓળખપત્ર રજુ ન કરી શકે તો સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં સંબંધિત મતદારની ઓળખ પ્રાસ્થાપિત થાય તે માટે રાજય ચુંટણી આયોગે કેટલાક દસ્તાવેજી



પુરાવાઓ માન્ય ગણ્યા છે. જેમાં (૧) ફોટા સાથેનો પાસપોર્ટ (૨) ફોટા સાથેનુ ડ્રાઈવીંગ લાયસન્સ (ચુંટણીની તારીખથી ૧ માસ અગાઉ ઈસ્યુ થયેલ ) (૩) ફોટા સાથેનુ ઈન્કમટેક્ષ (પાન) ઓળખકાર્ડ (૪) રાજય સરકાર, કેન્દ્ર સરકાર, જાહેર સાહસો અથવા પબ્લીક લીમીટેડ કંપનીઓ તરફથી તેઓના કર્મચારીઓને આપવામાં આવેલ ફોટા સાથેના ઓળખકાર્ડ (૫) પબ્લીક સેકટર બેંકો અને પોસ્ટ ઓફીસો તરફથી આપવામાં આવતી ફોટા સાથેની પાસબુક (ચુંટણીની તારીખથી ૧ માસ અગાઉ ઈસ્યુ થયેલ ) (૬) અનુસુચિત જાતિ / અનુસુચિત આદિજાતિ / અન્ય પછાતવર્ગ (ઓબીસી) નુ સક્ષમ અધિકારીનુ ફોટા સાથેનુ પ્રમાણપત્ર (ચુંટણીની તારીખથી ૧ માસ પહેલા ઈસ્યુ થયેલ ) (૭) ફોટા સાથેના પેન્શન પ્રમાણપત્રો જેવા કે માજી સૈનિકોની પેન્શન બુક / પેન્શન પેમેન્ટ ઓર્ડર / માજી સૈનિકની વિધવા / આશ્રિતોના પ્રમાણપત્રો / મોટી ઉંમરની વ્યકિતના પેન્શન ઓર્ડર / વિધવા પેન્શન ઓર્ડર (ચુંટણીની તારીખથી ૧ માસ પહેલા ઈસ્યુ થયેલ ) (૮) કેન્દ્ર સરકાર / ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ સ્વતંત્રતા સૈનિકના ફોટા સાથેના ઓળખકાર્ડ (૯) ફોટો સાથેના હથિયારોના લાયસન્સ (ચુંટણીની તારીખથી ૧ માસ અગાઉ ઈસ્યુ થયેલ ) (૧૦) સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ વિકલાંગનુ ફોટા સાથેનુ પ્રમાણપત્ર (ચુંટણીની તારીખથી ૧ માસ અગાઉ ઈસ્યુ થયેલ) (૧૧) રાષ્ટ્રીય ગ્રામિણ રોજગારી બાંહેધરી યોજના હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેના જોબકાર્ડ (ચુંટણીની તારીખથી ૧ માસ અગાઉ ઈસ્યુ થયેલ ) (૧૨) કર્મચારી રાજય વિમા યોજના હેઠળ આપવામાં આવેલ ફોટા સાથેનુ ઓળખકાર્ડ (ચુંટણીની તારીખથી ૧ માસ અગાઉ ઈસ્યુ થયેલ ) (૧૩) નેશનલ પોપ્યુલેશન રજીસ્ટર સ્કીમ હેઠળ આરજીઆઈ દ્વારા આપવામાં આવેલ સ્માર્ટ કાર્ડ (૧૪) યુડીએઆઈ દ્વારા આપવામાં આવેલ આધારકાર્ડ

# ૨૮ એપ્રિલ સુધી આભ માં થી વરસશે અગન ગોળા : અંબાલાલ પટેલની મોટી આગાહી

પ્રતિનિધિ,ગાંધીનગર

એપ્રિલ મહિનો પુરો થવા આવ્યો છે. ત્યારે આકાશમાંથી જાણે અગનવર્ષા થઈ રહી હોય તેમ આખુ ગુજરાત અગ્નભઠ્ઠીમાં ફેરવાઈ ગયુ છે. એક તરફ કાળઝાળ ગરમી પડી રહી છે. તો બીજી તરફ આજે લોકશાહીના પર્વ સમાન મતદાનનો દિવસ છે. હવામાન વિભાગ અને જાણીતા હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે આગાહી કરી છે કે હજુ આવનારા દિવસોમાં ગરમીનુ આ ટોર્ચર વધુ આકરૂ બનવાનુ છે. તેથી મતદાતાઓએ અને સામાન્ય જનતાએ આકરા તાપમાં શેકાવવા માટે માનસિક રીતે તૈયાર રહેવુ પડશે. જો કે મે મહિનાની શરૂઆતમાં વાતાવરણમાં મોટો પલ્ટો આવવાની અને પ્રિ-મોન્સુન વરસાદ પડવાની પણ શકયતા છે. જે ભવિષ્યમાં થોડી રાહત આપી શકે છે.



હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ઉત્તર પશ્ચિમ દિશામાંથી ફુંકાતા ગરમ સુકા પવનોને કારણે આગામી દિવસોમાં તાપમાનનો પારો હજુ ૨ થી ૩ ડીગ્રી ઉંચો જઈ શકે છે. છેલ્લા ૨૪ કલાકની જ વાત કરીએ તો રાજયના ૧૧ જેટલા શહેરોમાં તાપમાન ૪૦ ડીગ્રીને પાર પહોચી ગયો છે. જેમાં અમરેલીમાં સૌથી વધુ ૪૩.૩ ડીગ્રી, રાજકોટમાં ૪૩.૧ ડીગ્રી અને સુરેન્દ્રનગરમાં ૪૩ ડીગ્રી જેટલુ આકરૂ તાપમાન નોંધાયુ હતું. આ ઉપરાંત અમદાવાદમાં ૪૨.૧, કેશોદમાં ૪૨, ગાંધીનગર અને વડોદરામાં ૪૧.૫, ભુજ માં ૪૧.૪, વલ્લભવિદ્યાનગર માં ૪૦.૯, ડીસામાં ૪૦.૦૩ અને સુરતમાં ૪૦ ડીગ્રી ગરમી નોંધાઈ હતી. ખાસ કરીને ચુંટણીના દિવસે અમદાવાદમાં ગરમીનો પારો ૪૪ ડીગ્રીને પાર કરી શકે છે. જેથી આજે યલો એલર્ટ અને આજે ચુંટણીના દિવસે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યુ છે. રાજયભરમાં સરેરાશ તાપમાન ૪૧ થી ૪૪ ડીગ્રી વચ્ચે રહેવાની આગાહી છે. હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલે પણ આકરી ગરમી અંગે ચેતવણી આપતા જણાવ્યુ હતુ કે આજથી લઈને ૨૮ એપ્રિલ સુધી રાજયમાં આકરો તાપ પડશે, ખાસ કરીને સૌરાષ્ટ્રના જિલ્લાઓમાં અંગ દઝાડતી ગરમી પડવાનુ સીધુ અનુમાન છે. આ સાથે જ મધ્ય ગુજરાત , દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના વિસ્તારોમાં પણ તાપમાનનો પારો ૪૩ ડીગ્રીને પાર પહોચી જવાની પુરેપુરી શકયતા વ્યકત કરાઈ છે. એટલે કે હાલ પુરતી ગરમીમાંથી કોઈ મોટી રાહત દેખાઈ રહી નથી. જો કે અંબાલાલ પટેલે ગરમીથી ત્રસ્ત લોકો માટે એક સારા સમાચાર પણ આપ્યા છે. તેમના અનુમાન મુજબ ૨૯ એપ્રિલથી લઈને મે મહિનાની શરૂઆતમાં દેશ અને રાજયના વાતાવરણમાં અચાનક પલ્ટો આવી શકે છે. આ સમયગાળા દરમિયાન દેશના પર્વતીય વિસ્તારોમાં હિમવર્ષા અને વરસાદ થઈ શકે છે. તેની અસરરૂપે રાજસ્થાન અને તેને અડીને આવેલા ગુજરાતના સરહદી જિલ્લાઓમાં પણ પ્રિ-મોન્સુન એકિટવીટીના ભાગરૂપે વરસાદ ખાબકી શકે છે જેનાથી વાતાવરણમાં થોડી ઠંડક પ્રસરે તેવી આશા છે.

## આચારસંહિતાનો ખુલ્લેઆમ ભંગ

# આચારસંહિતાના ભંગ સામે તંત્રની આંખ મિચામણા

(સંપૂર્ણ સમાચાર સેવા)છોટા ઉદેપુર

છોટા ઉદેપુર જિલ્લામાં ૨૬મી એપ્રિલના રોજ યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીને લઈને તંત્ર દ્વારા આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જિલ્લાની ૩૨ જિલ્લા પંચાયત, ૧૫૦ તાલુકા પંચાયત અને પ્રથમવાર બોડેલી નગરપાલિકા માટે મતદાન યોજાનાર છે.

જોકે, મતદાનના ગણતરીના કલાકો પૂર્વે જ નસવાડી પંથકમાં આચારસંહિતાનો સરેઆમ ભંગ અને ચૂંટણી સ્ટાફની ગેરહાજરીએ તંત્રની કામગીરી સામે સવાલો ઊભા કર્યા છે. નસવાડી તાલુકાના કંકુવાસણ ગામ પાસે આચારસંહિતાના નિયમોનું ઉલ્લંઘન થતું જોવા મળ્યું છે. પ્રચારના પડઘમ શાંત થયા બાદ પણ ભાજપ અને કોંગ્રેસના બેનરો, તોરણો અને ઝંડાઓ યથાવત્ લટકી રહ્યા છે. નિયમ મુજબ આ સાહિત્ય વહીવટી તંત્ર દ્વારા ઉતારી લેવાનું હોય છે, પરંતુ અધિકારીઓની ઉદાસીનતાને કારણે આદિવાસી વિસ્તારમાં હજુ પણ પ્રચાર સામગ્રી દેખાઈ રહી છે, જે મતદારોને પ્રભાવિત કરી શકે છે.

બીજી તરફ નસવાડી તાલુકામાં ચૂંટણીની કામગીરીમાં મોટી ક્ષતિ સામે આવી છે. ત્રણ બૂથના પ્રિસાઈડિંગ ઓફિસરો પોતાની ફરજ પર ગેરહાજર રહેતા ચૂંટણી અધિકારીએ લાલ આંખ કરી છે. કડક કાર્યવાહીના ભાગરૂપે પ્રિસાઈડિંગ ઓફિસર પટેલ હિતેશ મોહનભાઈ, પ્રિસાઈડિંગ ઓફિસર શરફરાઝ આદમ સુરતી અને આસિસ્ટન્ટ પ્રિસાઈડિંગ ઓફિસર અમિત કુમાર ઈન્દુભાઈ વ્યાસ સામે પોલીસ વોરંટ કાઢ્યું છે અને તેને તત્કાલ પકડી લાવવા આદેશ અપાયા છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લાના ૭ તાલુકા મથકો પરથી ઈવીએમ મશીનોનું ડિસ્પેચિંગ શરૂ કરી દેવામાં આવ્યું છે. પ્રિસાઈડિંગ અધિકારીઓ અને પોલિંગ સ્ટાફને જરૂરી સામગ્રી સાથે મતદાન મથકો તરફ રવાના કરાયા છે. મતદાન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે. તંત્ર દ્વારા નિષ્પક્ષ ચૂંટણીના દાવાઓ કરવામાં આવી રહ્યા છે, પરંતુ ગ્રાઉન્ડ લેવલ પર જોવા મળતી આ ક્ષતિઓ અને આચારસંહિતાનો ભંગ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે.

# કાલાવડના મેટીયા ગામમાં રહેણાક મકાનમાંથી જુગારધામ પકડાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગર જિલ્લાના કાલાવડ તાલુકાના મેટીયા ગામમાં રહેતા જયદીપસિંહ હરદેવસિંહ જાડેજા નામના શખ્સ દ્વારા પોતાના રહેણાક મકાનમાં જુગાર ધામ ચલાવાઈ રહ્યું છે, અને કાલાવડ અને રાજકોટ પંથકના કેટલાક જુગારીઓને એકત્ર કરીને જુગારનો અખાડો ચલાવવામાં આવી રહ્યો છે, તેવી બાતમીના આધારે કાલાવડ ગ્રામ્ય પોલીસે દરોડો પાડ્યો હતો, અને દસ આરોપીઓની અટકાયત કરી લઈ તેઓ પાસેથી રૂપિયા ૬ લાખ ૪૩ હજારની માલમતા કબજે કરી છે. જામનગર જિલ્લા પોલીસ દ્વારા જુગાર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે દરોડા દરમિયાન જયદિપસિંહ હરદેવસિંહ જાડેજા ઉ.વ.૨૮ ધંધો ખેતી (રહે-મેટીયા ગામ, તા-કાલાવડ જી.જામનગર), રવિરાજભાઈ જયેશભાઈ રાઠોડ (રહે-સ્વામિનારાયણ ચોક, પી.ડી.એમ કોલેજ પાસે, રાજકોટ), સમીરભાઈ મનુભાઈ સોરઠીયા (ઉ.વ.૪૨, રહે-ન્યુ શમેશ્વરનગર-૪ પીપળીયા હોલ મેઈન રોડ, રાજકોટ), હિતેષભાઈ જેન્તીભાઈ વાઘેલા (ઉ.વ.૩૪, રહે-નવલનગર શેરી નં.૨, મવડી મેઈન રોડ, રાજકોટ), દિનેશભાઈ સોંડાભાઈ ગૌલતર (ઉ.વ.૪૩, રહે-રામજી મંદિરની બાજુમાં, કાલાવડ રોડ, મોટા મૌવા રાજકોટ), અશ્વીનભાઈ રમણીકભાઈ નંદા (ઉ.વ.૫૪, રહે-ઓસ્વાલ કોલોની-૧, એફીલ ટાવર જામનગર), રજનીકાંતભાઈ વિઠ્ઠલભાઈ સાંગાણી (ઉ.વ.૪૪, રહે-શાંતિનગર-૪, જનતા ફાટક જામનગર), સુનિલભાઈ દિનેશભાઈ સોંદરવા (ઉ.વ.૩૨, રહે-કૃષ્ણનગર-૬, ૧૦૩ સીટી હાઈટસ એપાર્ટમેન્ટ, મોવડી, રાજકોટ), મહાવિરસિંહ ભીખુભા જાડેજા (ઉ.વ.૩૫, રહે-રાધેકૃષ્ણ સોસાયટી શેરી નં.૫, આજીડેમ પાસે, રાજકોટ), અને દિપકભાઈ રમણીકભાઈ પાંભર (ઉ.વ.૩૫, રહે-વેરતીયા ગામ તા. જી.જામનગર) ની અટકાયત કરી લઈ રૂપિયા ૬.૪૩ લાખની માલ મત્તા કબજે કરી છે.


**પશ્ચિમ રેલ્વે**

**વિવિધ કાર્ય**

ડિવિઝનલ રેલ્વે મેનેજર (WA), પશ્ચિમ રેલ્વે, 6ઠ્ઠો માળ, એન્જિનિયરિંગ વિભાગ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008. ઇ-ટેન્ડર સૂચના નં.: BCT/26-27/26, તા. 22.04.2026. કાર્ય અને સ્થાન: (1) ભેસ્તાન - NIYOL-BHET નું વિસ્તરણ બાય પાસ લાઇન UP લૂપ સુધી DN લૂપના S-5 UDN સુધીના વિસ્તરણની જોગવાઈ સાથે. (2) સુરતના સંબંધમાં ટ્રેક કાર્યઃ- નવા TRIP શેડનું બાંધકામ. કામનો અંદાજિત ખર્ચ: રૂ. 24,23,96,076.66. EMD: રૂ. 48,47,900/-. સબમિશનની તારીખ અને સમય: તા. 22.05.2026 ના 15:00 કલાક સુધી. ખુલવાની તારીખ અને સમય: તા. 22.05.2026 ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.in ની મુલાકાત લો.

0029

અમને લાઈક કરો: facebook.com/WesternRly



**પશ્ચિમ રેલવે**
**અમદાવાદ મંડળ**

**નાયલોન નેટની વ્યવસ્થા**

**ઈ-ટેંડર સૂચના નં.: Sr.DEE/TRD/ADI/06 (2026-27)તા. 24.04.2026 ટેંડર નં.:** TRD-ADI-T-06-2026-27 **કાર્યનું નામ:** અમદાવાદ મંડલમાં નાયલોન નેટ, વાંદરા ચડતા રોકવા માટેનું ઉપકરણ અને પક્ષીઓને દૂર રાખવા માટેના ડિસ્ક ની વ્યવસ્થા. **અંદાજિત ખર્ચ:** રૂ. 5,87,30,000/- **અર્નેસ્ટ મની:** રૂ.11,74,600/- **જમા કરવાની ની તારીખ અને સમય:** 22.05.2026 ના રોજ 15:00 કલાક સુધી **ખોલવાની તારીખ અને સમય:** 22.05.2026 ના રોજ 15:30 કલાકે **ઓફિસનું સરનામું:** વરિષ્ઠ ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ડી.આર.એમ. ઓફિસ (પશ્ચિમ રેલવે), ચામુંડા બ્રિજ પાસે,જી.સી.એસ. હોસ્પિટલ સામે ,નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ – 382345 **વેબસાઈટ વિગતો: www.ireps.gov.in**

ADI 012

અમને લાઈક કરો: facebook.com/WesternRly


## રાજ્યની ૧૮ મનપાની ચૂંટણીની વરવી વાસ્તવિકતા

# ૯૦%થી વધારે મતદારોને ઉમેદવારના નામ જ ખબર નથી!

### સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા અનામતની અમલવારી થવાથી અડધો-અડધ મહિલા ઉમેદવારો લેવા પડ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ગુજરાતના રાજકીય ઈતિહાસમાં હાલની ૨૦૨૬ની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી એક નવા વળાંક સમાન સાબિત થવા જઈ રહી છે. ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો અને ૨૬૦ તાલુકા પંચાયતોના જંગમાં ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીએ જે પ્રકારે ઉમેદવારોની પસંદગી કરી છે, તે રાજ્યના ભાવિ શાસન અને વહીવટી પારદર્શિતા પર અનેક સવાલો ઊભા કરે છે. સત્તાની શતરંજ પર આ વખતે માત્ર ચહેરાઓ બદલાયા નથી, પરંતુ ઉમેદવારીના માપદંડોમાં પણ આમૂલ પરિવર્તન જોવા મળ્યું છે, જેની પાછળ પક્ષોની વ્યૂહનીતિ અને જનતાની અપેક્ષાઓ વચ્ચેનું અંતર સ્પષ્ટપણે વર્તાય છે.સૌથી વધુ આશ્ચર્યજનક એ છે કે, ૧૮ મહાનગરપાલિકાની ચૂંટણીમાં આજે પ્રચાર પડઘમ શાંત થઈ ગયા છે અને આવતીકાલે મતદાન થનાર છે છતાં ૯૦ ટકાથી વધુ મતદારોને પોતાના વિસ્તારના ભાજપ, કોંગ્રેસ, આપ કે અન્ય કોઈ ઉમેદવારનાં નામ ખબર નથી ! એ તો ઠીક ૯૦ ટકાથી વધુ ઉમેદવારો પણ રાજનીતિમાં ઠોઠ છે, જેમને પોતાના મતક્ષેત્રમાં કયા જ્ઞાતિ-વર્ગના કેટલા મતદારો છે, કયા-કયા વિસ્તારો આવે, મહાપાલિકાનું બજેટ કેટલું હોય, પોતાને ચૂંટાયા પછી શું કરવાનું રહેશે? જેવી સામાન્ય બાબતોની પણ ખબર નથી. જો કે, નગરપાલિકા ક્ષેત્રમાં મત વિસ્તાર થોડા નાના હોવાથી નેતા-જનતા થોડાં જાગૃત જણાય છે. હવે આઝાદીના સાત દાયકા બાદ સારું કે નઠારું પણ દરેક જિલ્લા-તાલુકા પંચાયતમાં સમાવિષ્ટ ગ્રામ્ય કક્ષાએ નાત-જાતના વડા અકબંધ હોવાથી હાલમાં જ્ઞાતિ આધારિત રાજનીતિને કારણે મતદારો-ઉમેદવારો સૌ એકબીજાને ઓળખે છે.સૌથી ગંભીર વાત એ છે કે, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ૫૦ ટકા અનામતની અમલવારી થવાથી અડધો-અડધ મહિલા ઉમેદવારો લેવા પડ્યા છે, પણ એમાં ૮૦ ટકાથી વધુ મહિલા ઉમેદવારો તો રાજનીતિથી અજાણ છે. એમને બગાસું ખાધા વગર પતાસું મોઢામાં આવી ગયું છે. વળી, મહિલા અનામત, મતદાર મંડળની રચના અને એસી-એસટી સહિતની અનામત બેઠકની ફાળવણીની ગુંચવણના કારણે ભાજપ-કોંગ્રેસે નાછૂટકે આંતરિક અસંતોષ વેઠીને પણ જૂના જોગીઓને નવા ચહેરાઓને ચૂંટણી જંગમાં ઉતારવા પડ્યા છે.

# "ગુજરાત મોડલ"નો મોહ છોડી પરપ્રાંતીય શ્રમિકો કેમ થઈ રહ્યા છે પલાયન?

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાતના સુરતની સમૃધ્ધતાથી આકર્ષાઈ સુરત આવેલા પરપ્રાંતીય શ્રમિકો હવે એકાએક કેમ ગુજરાતનું આ સમૃધ્ધ શહેર છોડી વતનની વાટ પકડી રહ્યા છે? સુરત હોય કે અમદાવાદ હોય ત્યાંથી યુપી, બિહાર કે અન્ય રાજયોમાં જતી ટ્રેનો હાઉસફુલ જ હોય છે. પરંતુ સુરતમાં આ વખતે સ્થિતિ જુદી જ છે. અહીં વેકેશન માણવા નહીં પરંતુ મંદી, બેકારી અને મોંઘવારીનો માર ઝીલી રહેલા હજારો પરપ્રાંતીયો બેકારીને કારણે પોતાના માદરે વતન પરત જઈ રહ્યા છે. કારણકે જે આશાઓ અને સપનાઓ સાથે તેઓ સુરત, અમદાવાદ, મોરબી કે ગુજરાતમાં અન્યત્ર કામની શોધમાં આવ્યા હતા ત્યાં કામ હવે મળતું નથી. સંખ્યાબંધ કારખાનાઓ બંધ થઈ ગયા છે. ટેક્ષટાઈલ્સથી માંડીને સિરામિક ઉદ્યોગો પણ મંદીમાં છે. અને એમાંય વળી અમેરિકા-ઈઝરાયેલે ઈરાન પર લાદેલા યુધ્ધથી દેશમાં ઉદ્યોગો વેપાર ધંધાની હાલત કફોડી થઈ ગઈ છે. ગેસની અછતથી માંડીને બધી જ વસ્તુઓ મોંઘીદાટ થઈ ગઈ છે અને મોંઘવારી તેમજ અછત સતત વધી રહી છે. આયાત-નિકાસને પણ ગંભીર ફટકો પડયો છે. ટૂંકમાં દેશનું અર્થતંત્ર ગંભીર રીતે હાલક ડોલક થઈ ગયું છે. અખાતી યુધ્ધનો કેવો અને ક્યારે અંત આવશે એ અંગે ભારે અનિશ્ચિતતા પ્રવર્તે છે.

જયાં અમેરિકા, બ્રિટન, ફ્રાન્સ જેવા વિકસિત રાષ્ટ્રો પણ ફાંફે ચઢી ગયા છે ત્યારે ભારત જેવા જંગી વસ્તી અને સમસ્યાઓ ધરાવતા દેશની હાલતનો અંદાજો આવી જ જાય છે. વળી દેશના શાસકો પાસે યુધ્ધના કારણે આવી પડેલી આફતના સામના માટે ખાસ કરીને આર્થિક મોરચે કોઈ "રોડ મેપ" હોય એવું લાગતું નથી. પ્રજાને જાણે કે "રામ ભરોસે" જ છોડી દેવાઈ હોય એવો અહેસાસ થઈ રહ્યો છે.

ટૂંકમાં ગુજરાત અંગે જે અતિશયોક્તિપૂર્ણ આભામંડળ રચાયું એના પરપોટા હવે ફૂટવા લાગ્યા હોય એમ પરપ્રાંતીય શ્રમિકો ગુજરાતમાંથી પલાયન કરવા લાગ્યા છે. કારણકે અહી તેમને કામ મળી રહ્યું નથી. વાસ્તવિકતા સૌની સામે આવી રહી છે અને એટલે જ હજારો પરપ્રાંતીય લોકો એકી સાથે ગુજરાત છોડીને જઈ રહયા છે. આની વાસ્તવિકતાનો ખ્યાલ એના પરથી આવી જાય છે. જયારે સુરતના રેલવે સ્ટેશને સર્જાયેલી અંધાધૂંધી અને પરત જઈ રહેલા પરપ્રાંતીયો ને સુવિધાઓને બદલે પોલીસની લાઠીઓ મળી ત્યારે એક વ્યથિત શ્રમિકે પોતાનો આર્તનાદ વ્યકત કરતાં જણાવ્યુ હતું કે "બહુત હો ગયા દોસ્ત, અબ દોબારા કભી નહીં આઉંગા"??

### હાલમાં પડી રહેલી કાળઝાળ ગરમીને ધ્યાનમાં લઈને SMC કમિશ્નરને

## સુરત મ.ન.પા ના સફાઈ કામદારોના આરોગ્યની સાથે સમયમાં ફેરફાર અને લીંબુપાણી, છાશ,ORS વિગેરે સુવિધાઓ આપવા ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના અગ્રણીઓની લેખિત રજૂઆત

(છગનલાલ મેવાડા ધ્વારા) સુરત

ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ ભાઈલાલ બી. વૈષ્ણવ, ઉપપ્રમુખ છગનલાલ ડી. મેવાડા, મહામંત્રી શૈયદભાઈ શેખ ધ્વારા એક લેખિત રજૂઆત મ્યુ.કમિશ્નરને કરતાં જણાવ્યું હતુ કે, હાલ સુરત સહિત ગુજરાત રાજયમાં ગરમીનું પ્રમાણ ખુબ જ વધ્યું છે,જેથી હિટવેવ નું જોખમ ખૂબ જ રહેલ છે.જેના કારણે સફાઈ કામદારોને તેમની ફરજ દરમ્યાન ભારે તકલીફોનો સામનો કરવો પડી રહ્યો છે. ઊંચા તાપમાનમાં લાંબા સમય સુધી કામ કરવાથી તેમના આરોગ્ય પર ગંભીર અસર પડી શકે છે.

સુરત મહાનગરપાલિકા ધ્વારા હિટવેવ ને કારણે સ્થાનિક લોકોના આરોગ્ય ઉપર ગંભીર અસર ના પડે તે હેતુથી શહેરના દરેક ટ્રાફિક સિગ્નલો ઉપર ગ્રીન કાર્પેટવાળો મંડપ બનાવવામાં આવ્યો છે. તથા પોલીસ તંત્ર ધ્વારા પણ બપોરે ૧૨ થી સાંજના ૪ વાગ્યા સુધી ટ્રાફિક સિગ્નલ બંધ રાખવામા આવેલ છે. સુરત શહેરમાં સ્વચ્છતાની કામગીરી કરતાં સફાઈ કામદારો પણ શહેરને સ્વચ્છ બનાવવામાં આકળી ગરમીમાં કામ કરતાં હોય છે તેઓને પણ હિટવેવની અસર થઈ શકે છે અને તેઓનું આરોગ્ય પણ ખરાબ થઈ શકે છે. આવા સંજોગોમાં સફાઈ કામદારોના હિતને ધ્યાનમાં રાખીને નીચે મુજબના પગલાં લેવામાં આવે.

(૧) ગરમીના સીઝનમાં કામનો સમય સવારે ૭ થી બપોરે ૧ વાગ્યા સુધી રાખવામાં આવે.

(૨) ફરજ દરમ્યાન સફાઈ કામદારોને લીંબુ પાણી, છાશ તથા ORS જેવી આરોગ્યપ્રદ પીણાની સુવિધા આપવામાં આવે.

(૩) જરૂર મુજબ આરામ માટે યોગ્ય વ્યવસ્થા પણ કરવામાં આવે.

ઉપરોકત પગલાં લેવાથી સફાઈ કામદારોના આરોગ્યનું સંરક્ષણ થશે અને તેઓ વધુ અસરકારક રીતે તેમની ફરજ બજાવી શકશે. તેથી ગુજરાત પ્રદેશ મહાનગરપાલિકા કર્મચારી કોંગ્રેસની માંગણી ને ગંભીરતાથી લઈ યોગ્ય કાર્યવાહી કરવા વિનંતી કરીએ છીએ.

# આમ આદમી પાર્ટી ભાજપની બી ટીમ : લોકશાહી બચાવવા અમિત ચાવડાની મતદારોને અપીલ



પ્રતિનિધિ,ગાંધીનગર

આજે ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ મતદાન યોજાઈ રહ્યુ છે.આ અગાઉ રાજકીય આરોપ પ્રત્યારોપ તેજ બન્યા હતા. ત્યારે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અમિત ચાવડાએ આમ આદમી પાર્ટી પર આકરા પ્રહારો કરતા તેને ભાજપની બી ટીમ ગણાવી છે. રાઘવ ચડ્ડા સહિતના નેતાઓના ભાજપમાં જોડાવવાને પગલે કોંગ્રેસે મતદારોને સાવધ રહેવા અપીલ કરી છે.


અમિત ચાવડાએ આક્ષેપ કર્યો હતો કે આમ આદમી પાર્ટીનો મુખ્ય ઉદેશ ભ્રષ્ટાચાર વિરોધી મતોને ડાયવર્ટ કરવાનો છે. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે ગુજરાતમાં ભાજપ સામેના વિરોધ પક્ષના મતો વહેંચાઈ જાય તે માટે આમ આદમી પાર્ટી વ્યુહાત્મક રીતે કામ કરી રહી છે. ગઈ કાલે રાઘવ ચડ્ડા સહિતના અન્ય સાંસદો આમ આદમી પાર્ટી છોડીને ભાજપમાં મર્જ થઈ જતા કોંગ્રેસે આ દાવાને વધુ મજબુત રીતે રજુ કર્યો છે. કોંગ્રેસે ગંભીર દાવો કર્યો છે કે આમ આદમી પાર્ટીના નિશાન પર ચુંટણી જીત્યા બાદ ઉમેદવારો અંતે ભાજપમાં જ ભળી જશે, આ પ્રકારની રાજનીતીથી લોકશાહી વ્યવસ્થાને મોટુ નુકશાન પહોચી રહ્યુ હોવાનુ કોંગ્રેસે જણાવ્યુ છે.

ભાજપ પોતાની સત્તા ટકાવી રાખવા માટે આ પ્રકારે વિપક્ષના ઉમેદવારોને પોતાની તરફેણમાં કરી લેશે તેવી આશંકા વ્યકત કરવામાં આવી છે. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અમિત ચાવડાએ મતદારોને મીડીયાના માધ્યમથી સંબોધતા કહ્યુ હતુ કે લોકશાહીને નબળી પાડતી આ વ્યવસ્થાને અટકાવવા માટે મતદારોએ ખુબ જ વિચારપૂર્વક મતદાન કરવુ જોઈએ. તેમણે લોકોને અપીલ કરી છે કે તેઓ પોતાના મતોનો બગાળ ન કરે અને લોકશાહીના હિતમાં સાચો નિર્ણય લે. રાજયની ૧૫ મહાનગરપાલિકા સહિત જિલ્લા અને તાલુકા પંચાયતોના જંગ માટે ચુંટણીપંચ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી લેવામાં આવી હતી. આ ચુંટણી રાજયના રાજકીય ભવિષ્ય માટે અત્યંત નિર્ણાયક માનવામાં આવી રહી છે. આ વખતે રાજયમાં વિશાળ સ્તરે ચુંટણી યોજાઈ રહી છે. જેમાં ૧૫ મહાનગરપાલિકાઓ, ૮૪ નગરપાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયતો, ૨૬૦ તાલુકા પંચાયતોનો સમાવેશ થાય છે. કુલ ૯,૨૯૭ બેઠકો પર આજે મતદાન યોજાવવાનુ છે અને ૯,૨૯૭ બેઠકો ઉપર મતદારો પોતાના ભાવી ઉમેદવારને ચુંટીને મોકલશે, જેમાં પોતાનુ નસીબ અજમાવવા માટે ૨૫,૫૭૯ જેટલા ઉમેદવારો મેદાનમાં ઉતર્યા છે. આજે ૨૬ એપ્રિલના રોજ સવારે ૭ થી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા ચાલશે, કોઈ અનિવાર્ય સંજોગો કે પુનઃ મતદાનની જરૂરીયાત માટે ૨૭ એપ્રિલને અનામત દિવસ તરીકે રાખવામાં આવ્યો છે. ૨૮ એપ્રિલના રોજ મતગણતરી હાથ ધરવામાં આવશે અને પરીણામો જાહેર કરાશે.

# પ્રજાનો બળાપોઃ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં વિરોધ આ તો માત્ર ટ્રેલર હતુંઃ પિકચર તો હવે ૨૦૨૭ માં જોવા મળશે

### ધારાસભ્યો અને સાંસદો વિકાસના કામોમાં ધ્યાન નહી આપે તો કોર્પોરેટરો જેવી હાલત ૨૦૨૭ માં થશે તેવી પ્રજાની ગર્ભીત ચેતવણી





પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં આજે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓનુ મતદાન યોજાઈ રહ્યુ છે. ઈતિહાસમાં પહેલીવાર ભાજપ વિરૂધ્ધ પ્રજાનો રોષ કયારેય જોયો નહી હોય તેવો રોષ ભાજપના નેતાઓએ જોયો છે. ઉમેદવારના વોર્ડ માં ધારાસભ્યો , સાંસદો ભાજપના ઉમેદવારના સમર્થનમાં મત માંગતા હોય છે. ત્યારે આ સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓમાં ભાજપ ઉમેદવારના સમર્થનમાં રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને ખુદ વોર્ડમાં ઉમેદવારના પ્રચાર માટે આવવુ પડતુ હોય તો હવે ધારાસભ્યો અને સાંસદો એ વિચારવુ રહ્યું.

પ્રજાનો ભાજપ વિરૂધ્ધ કેટલો રોષ છે ? પ્રજાએ બળાપો કાઢી કહ્યુ હતુ કે આ તો ભાજપ માટે માત્ર ટ્રેલર હતું. પિકચર તો આવનારી ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીઓમાં નેતાઓને જોવા મળશે. ધારાસભ્યોના કામો મંત્રીઓ કરતા નથી, ત્યારે આવનારી ૨૦૨૭ ની વિધાનસભાની ચુંટણીઓમાં કોર્પોરેટરોના જે હાલ થયા છે તેવા હાલ હવે વિધાનસભાની ચુંટણીઓમાં મત માંગવા જતા ધારાસભ્યોએ હવે સોસાયટી વિસ્તારોમાં ૧૦૦ વાર વિચારવુ પડશે. પ્રજાએ બળાપો ઠાલવી કહ્યુ હતુ કે હવે હિન્દુ- મુસ્લીમની રાજનીતી નહી ચાલે, પ્રજા હવે જાગૃત થઈ ગઈ છે. પ્રજાના સરકારમાં કામો થતા નથી, મોંઘવારીએ માજા મુકી છે. બેરોજગારીનુ પ્રમાણ દિવસે ને દિવસે વધી રહ્યુ છે. રાજયમાં ઠેર ઠેર દારૂ જુગાર અને અફીણ ગાંજાના માદક પદાર્થોની ઘુસણખોરીને લઈ યુવાધન બરબાદ થઈ રહ્યુ છે. સરકારી કચેરીઓમાં રૂપીયા આપ્યા વગર કામો થતા નથી. ભ્રષ્ટાચારે માજા મુકી છે.ત્યારે કંટાળી ગયેલી રાજયની પ્રજા હવે નેતાઓને ચેતવણી આપી રહી છે કે ભ્રષ્ટાચારને અંકુશમાં લાવો , મંત્રીઓ અને ધારાસભ્યોને બળાપો ઠાલવી કહ્યુ હતુ કે આવનારી વિધાનસભાની ચુંટણીઓમાં આનાથી વધુ રોષ પ્રજામાં વધશે તેમાં શંકા ને કોઈ સ્થાન નથી.

# ગુજરાતની ચુંટણી બની લોહીયાળઃ મહેસાણા નગરપાલિકા ચુંટણીમાં ખેલાયો ખુની ખેલઃ ભાજપના ઉમેદવારના ભાણાની હત્યા ૪ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ




પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ લોહીયાળ બની છે. મતદાનના આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે ત્યારે ઉત્તર ગુજરાતના મહેસાણામાં ચુંટણીના માહોલ વચ્ચે રાજકીય હરીફાઈ હવે લોહીયાળ વળાંક લીધો છે.

શહેરમાં વોર્ડ નં. ૪ ની ચુંટણીની અદાવતમાં ભાજપના ઉમેદવારના ૨૨ વર્ષીય સગા ભાણાની જાહેરમાં ઘાતકી હત્યા કરી દેવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.

આ કેસમાં સૌથી ચોકાવનારી વાત એ છે કે હત્યાનો આરોપ સામે પક્ષે ઉભેલા કોંગ્રેસના ઉમેદવારના પતિ અને અન્ય ૩ શખ્સો પર લાગ્યો છે. હાલમાં એ ડીવીઝન પોલીસે કોંગ્રેસના ઉમેદવારના પતિ સહિત કુલ ૪ લોકો વિરૂધ્ધ હત્યાનો ગુન્હો દાખલ કરીને ફરાર આરોપીઓને પકડવાના ચક્રોગતિમાન કર્યા છે. પોલીસ સુત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ૨૫ એપ્રિલ ૨૦૨૬ ના રોજ મોડી રાત્રે ૧૨:૪૫ વાગ્યાની આસપાસ મહેસાણાની તાવડીયા ચોકડી રોડ પર આ હચમચાવી મુકે તેવી ઘટના બની હતી. રાત્રીના સમયે ફરીયાદી ધીમંત ચૌધરી ના મોટા બાપાના દિકરા હર્ષ સાથે કેટલાક શખ્સો ગાળાગાળી કરીને ઝઘડો કરી રહ્યા હતા. આ દરમિયાન મામલો થાળે પાડવા અને હર્ષ ને છોડાવવા માટે ધીમંત અને તેનો ૨૨ વર્ષીય ભાઈ મિતેન ચૌધરી વચ્ચે પડયા હતા. ત્યારે ઉશ્કેરાયેલા હુમલાખોરોએ મિતેન અને ધીમંત પર ધોકા અને છરી વડે જીવલેણ હુમલો કરી દીધો હતો. જેમાં ધવલ અને મયુરે ધોકા માર્યા હતા, જયારે યશ નામના શખ્સે મિતેનની પીઠના ભાગે છરીનો ઘાતક ઘા ઝીંકી દીધો હતો. આ ગંભીર હુમલામાં મિતેનનુ સારવાર દરમિયાન કરૂણ મોત નિપજયુ હતું.

આ સમગ્ર હત્યાકાંડ પાછળ વોર્ડ નં. ૪ ની રાજકીય અદાવત હોવાનુ સ્પષ્ટ થયુ છે. મૃતક મિતેનના મામા મહેન્દ્રભાઈ ચૌધરી વોર્ડ નં. ૪ માં થી ભાજપના ઉમેદવાર છે. જયારે તેમની સામે કોંગ્રેસમાંથી લીલાબેન ભરતભાઈ ચૌધરી ચુંટણી લડી રહ્યા છે. પોલીસ ફરીયાદ મુજબ મિતેનની હત્યા કરનારા મુખ્ય આરોપીઓમાં લીલાબેનના પતિ ભરતભાઈ ચૌધરી, ધવલ ચૌધરી, મયુર ચૌધરી અને યશ ચૌધરીનો સમાવેશ થાય છે. આરોપીઓએ આતંક મચાવતા ગાડીના કાચ તોડીને અંદાજે ૩ હજાર રૂપીયાનુ નુકશાન પણ કર્યુ છે અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. ઘટનાની જાણ થતા જ એ ડીવીઝન પોલીસનો કાફલો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

પીઆઈ રાજેશકુમાર પારઘીએ આ મામલે ગુન્હો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. મહેસાણાના ડીવાયએસપી મિલાપ પટેલે ગરવી ગુજરાત સાથેની ટેલીફોનીક વાતચીતમાં જણાવ્યુ હતુ કે પ્રાથમિક તપાસમાં આ હત્યા એક પૂર્વ આયોજીત કાવતરૂ હોવાનુ લાગી રહ્યુ છે.

આરોપીઓએ ભેગા મળીને ઘાતક હથિયારો સાથે જિલ્લા મેજીસ્ટ્રેટના જાહેરનામાનો ભંગ કરીને આ ગુન્હાને અંજામ આપ્યો છે. હાલ પોલીસે અલગ અલગ ટીમો બનાવી છે અને એફએસએલ (ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી) ની મદદ સાથે ફરાર આરોપીઓને ઝડપી લેવા માટે સઘન સર્ચ ઓપરેશન શરૂ કરી દીધુ છે.

# ગુજરાત ભાજપના નવા પ્રમુખ અને સંગઠનનો આજે થશે લીટ્મસ ટેસ્ટઃ પાટીલ જેવુ ધુરંધર રીઝલ્ટ જોવા મળશે? નવા સુકાનીની રાજકીય પીચ પર આજે અગ્નિપરીક્ષા



પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત ભાજપમાં સંગઠન પર્વ અને નવા માળખાની રચના બાદ હવે અસલી ખેલ શરૂ થવા જઈ રહ્યો છે. આજે સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ રાજયના ભાજપના નવા પ્રદેશ પ્રમુખ અને તેમની ટીમ માટે પ્રથમ મોટો લીટ્મસ ટેસ્ટ માનવામાં આવી રહ્યો છે. પૂર્વ પ્રદેશ પ્રમુખ સી આર પાટીલે જે રીતે ગુજરાતમાં ૧૫૬ બેઠકોનો ઐતિહાસિક વિજય અપાવીને એક ધુરંધર ઈનીંગ રમી હતી, તેવા જ આક્રમક અંદાજમાં નવુ સંગઠન પરીણામ બતાવી શકશે કે પછી ટેસ્ટ મેચ ની જેમ ધીમી પણ મકકમ શરૂઆત કરશે તેના પર રાજકીય વિશ્લેષકોની નજર ટકેલી છે. ભાજપ માટે ગુજરાત હંમેશા ગઢ રહ્યો છે. પરંતુ નવા પ્રમુખ સામે સૌથી મોટો પડકાર કાર્યકરોમાં એ જ જુનો ઉત્સાહ જાળવી રાખવાનો અને પાટીલ દ્વારા સેટ કરવામાં આવેલા પેજ કમીટીના મોડેલને વધુ મજબુત બનાવવાનો હતો. સ્થાનિક સ્વરાજયની ચુંટણીઓ જાહેર થયા બાદ ઉમેદવારને જાહેર કરવા બાબતે ઘણો વિલંબ જોવા મળ્યો હતો. અમુક ગણ્યા ગાંઠયા કાર્યકરો પક્ષ છોડીને ભાગ્યા હતા અથવા તો અમુક નિષ્ક્રિય પણ બની ગયા છે. પાટીલના સમયમાં શિસ્ત અને ડેટા મેનેજમેન્ટ પર ભાર હતો, શું નવી ટીમ આ ટેકનોલોજી અને શિસ્ત ને આગળ વધારી શકશે ?

હાલમાં જ જાહેર કરેલ નવા સંગઠનમાં કોને સ્થાન મળ્યુ છે અને તેઓ જમીની સ્તરે કેટલા સક્રિય છે તેની કસોટી આજે મતદાનમાં થઈ જવાની છે. રાજકારણની પીચ પર રન બનાવવા કરતા વિકેટ ટકાવી રાખવી અને સતત આક્રમક રહેવુ એ ગુજરાત ભાજપને ફીતરત રહી છે. નવા પ્રમુખ માટે પાટીલનો વારસો સંભાળવો એ કાંટાની તાજ સમાન છે. રાજકીય વિશ્લેષકોમાં ચર્ચા છે કે નવી ટીમ કદાચ પાટીલ ટીમની જેમ ચુંટણી પરીણામ નહી મેળવી શકે , જો કે કોઈ મોટા મુદ્દા વગર ચુંટણીમાં સંગઠન કેટલુ સફળ રહ્યુ તેનુ પરીણામ મંગળવારે મતગણતરીમાં ખબર પડી જશે. આજે આ ટેસ્ટ માત્ર પ્રમુખનો જ નહી પણ સમગ્ર સંગઠનના માળખાની મજબુતીનો પુરાવો આપશે. હવે જોવાનુ એ રહેશે કે આજે ભાજપનુ નવુ સંગઠન પાટીલની જેમ કલીન સ્વીપ કરવાની ક્ષમતા બતાવે છે કે પછી નવી રણનીતી સાથે મેદાનમાં ઉતરે છે. સૌની આંખો હવે આજના મતદાન અને મંગળવારના પરીણામ પર રહેલી છે.

# પારેવડી ચોકમાં ST બસે એક વૃદ્ધાને કચડી નાખ્યાઃ વોલ્વો બસના ડ્રાઈવર સામે પોલીસ ફરિયાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)રાજકોટ

રાજકોટના પારેવડી ચોક વિસ્તારમાં ગત ૧૭મી એપ્રિલના રોજ સર્જાયેલા એક ગમખ્વાર અકસ્માતમાં જંગલેશ્વર વિસ્તારના વૃદ્ધાનું કરુણ મોત નીપજ્યું છે. પુરપાટ ઝડપે આવતી એસ.ટી. વોલ્વો બસે રોડ ક્રોસ કરી રહેલા વૃદ્ધાને અડફેટે લેતા આ દુર્ઘટના સર્જાઈ હતી. આ સમગ્ર ઘટનાના લાઈવ CCTV ફૂટેજ હવે સામે આવ્યા છે, જેમાં જોઈ શકાય છે કે બસ ચાલકની બેદરકારીને કારણે વૃદ્ધા બસના તોતિંગ પૈડા નીચે આવી ગયા હતા.જંગલેશ્વરના હુસેની ચોક વિસ્તારમાં રહેતા હલુબેન ચાવડા નામના વૃદ્ધા પારેવડી ચોક પાસે રસ્તો ઓળંગી રહ્યા હતા. આ સમયે પૂર ઝડપે આવતી વોલ્વો બસે તેમને ટક્કર મારી કચડી નાખ્યા હતા. અકસ્માત બાદ લોહીલુહાણ હાલતમાં હલુબેનને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ગંભીર ઈજાઓને કારણે ટૂંકી સારવાર બાદ તેમણે હોસ્પિટલના બિછાને દમ તોડ્યો હતો.આ અકસ્માત મામલે મૃતકના પરિવારજનોની ફરિયાદને આધારે પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. વોલ્વો બસના ડ્રાઈવર રણજીતસિંહ વાઘેલા સામે ગુનો નોંધી પોલીસ દ્વારા તપાસ તેજ કરવામાં આવી છે. CCTV ફૂટેજમાં ડ્રાઈવરની ગફલત સ્પષ્ટપણે દેખાતી હોવાથી પોલીસે આ ફૂટેજને મહત્વના પુરાવા તરીકે કબજે કર્યા છે. આ ઘટનાને પગલે એસ.ટી. તંત્ર દ્વારા પણ આંતરિક તપાસ શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે.

# ઈડર ધારાસભ્ય રમણલાલ વોરા એ તાલુકાના કેસરપુરા, દાવડ અને હરીપુરા માં સભાઓ યોજી ઉમેદવારના સમર્થનમાં મત માંગ્યા





પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડરના ધારાસભ્ય રમણલાલ વોરાએ કેસરપુરા બેઠક માટે પ્રચાર શરૂ કરી ઉમેદવારોના સમર્થનમાં મતદારો પાસે મત માંગ્યા હતા. ઈડર તાલુકાના દાવડ અને હરીપુરામાં રાત્રી સભા યોજી જિલ્લામાં ચુંટણીનો માહોલ ગરમાયો હતો. ત્યારે રાજકીય પક્ષો વિજય મેળવવા માટે સઘન પ્રયાસો કરી રહ્યા છે. ઈડર તાલુકામાં પણ ચુંટણી પ્રચાર મોડે મોડે તેજ બન્યો હતો. ધારાસભ્ય રમણલાલ વોરાએ કેસરપુરા જિલ્લા પંચાયતની બેઠક માટે ચુંટણી પ્રચાર અભિયાન શરૂ કર્યુ હતું. કેસરપુરા જિલ્લા પંચાયતની બેઠક ઉપરાંત તેની સાથે સંકળાયેલી ૫ તાલુકા પંચાયતની બેઠકો પર પણ જીત મેળવવા માટે આ પ્રચાર અભિયાન હાથ ધર્યુ હતું. મતદારોને ભાજપના ઉમેદવારના સમર્થનમાં મત માંગી ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા રમણલાલ વોરાએ મતદારોને અપીલ કરી હતી. ઈડર તાલુકામાં કુલ ૬ જિલ્લા પંચાયત અને ૨૮ તાલુકા પંચાયતના સભ્યો માટે ચુંટણીઓ યોજાવવાની છે. પ્રચાર અભિયાનના ભાગરૂપે તાલુકાના દાવડ અને હરીપુરા ગામે રાત્રી સભાનુ આયોજન કરવામાં આવ્યુ હતું. આ સભાઓમાં મોટી સંખ્યામાં ભાજપના આગેવાનો અને કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. રાત્રી સભાઓમાં ધારાસભ્ય રમણલાલ વોરા ઉપરાંત અશ્વિન પટેલ, તાલુકા પંચાયતના પૂર્વ પ્રમુખ કાંતીભાઈ પટેલ, ચંદુભાઈ પટેલ જેવા ભાજપના આગેવાનો અને કાર્યકરો ચુંટણી પ્રચારમાં જોડાયા હતા.

# ચુંટણી સંબંધિત રજુઆત કે ફરીયાદ માટે રાજય ચુંટણીપંચ દ્વારા કંટ્રોલ રૂમ શરૂ કરાયો




પ્રતિનિધિ,ગાંધીનગર

રાજયની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ તેમજ જિલ્લા અને તાલુકા પંચાયતોની સામાન્ય તથા પેટા ચુંટણીઓ આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનાર છે.આ ચુંટણી પ્રક્રિયા દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને નાગરીકો પોતાની રજુઆત કરી શકે તે માટે રાજય ચુંટણી આયોગ દ્વારા ગાંધીનગર ખાતે ખાસ કંટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે.

આ માટે ૦૭૯ ૨૩૨ ૫૫૯૫૧, ૦૭૯ ૨૩૨ ૫૫૯૫૩ તેમજ ૦૭૯ ૨૩૨ ૫૭૩૮૧ અને ૦૭૯ ૨૩૨ ૫૭૩૮૩ નંબર જાહેર કરવામાં આવ્યા છે. જે તારીખ ૨૫ એપ્રિલ તથા ૨૬ એપ્રિલના રોજ કાર્યરત રહેશે. ચુંટણી સંબંધિત કોઈપણ ફરીયાદ અથવા પ્રશ્નો હોય તો નાગરીકો આ નંબર ઉપર ફોન પર સંપર્ક કરીને પોતાની રજુઆત નોંધાવી શકશે.